सा विद्या या विमुक्तये

# શારદ

નવેમ્બર-૨૦૨૩ - વર્ષ ૪૩, અંક-૧


## શાળાના આદ્યસ્થાપકોશ્રી



શ્રી ભોગીભાઈ ઠાકર



શ્રી સવિતાબેન ત્રિવેદી



શ્રી ચંદુભાઈ દવે

## શાળાના ગૌરવવંતા બાલરથી



**શારદામંદિર**

નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

Phone : +91-79-26600242, E-mail : shardamandir1924@gmail.com, Web : www.sharadamandir.com

# શાળાના ૧૦૦ વર્ષની ઉજવણીના અંશો

## તા. ૭-૮-૨૦૨૩ ના રોજ બાલમંદિર ખાતે દીપ પ્રાગટ્યથી શાળાના ૧૦૦ વર્ષની ઉજવણીની શરૂઆત થઈ



શ્રી મારૂતિભાઈ દવે





શ્રી રૂપલબેન મહેતા



શાળાના ટ્રસ્ટીશ્રીઓ તેમજ મહાનુભાવો

## વિદેશમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા થયેલ ઉત્સાહભેર ઉજવણી




Picture itself says everything.

PRESS RELEASE

Friendship Day - મિત્રતા દિવસ



વિદેશમાં સ્થાયી થયેલ ૧૯૮૦ બેચના શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ

## મહેમાનો દ્વારા બાલરથી પૂજન







# શાળાના ૧૦૦ વર્ષની ઉજવણીના અંશો

## શાળાના સ્થાપનાદિન ઉજવણીની પૂર્વ તૈયારી કરતા ઉત્સાહભેર શિક્ષકો અને વિદ્યાર્થીઓ














# ગુરૂ વંદના કાર્યક્રમ
















# ગરબા કાર્યક્રમ










સા विद्या या विमुक्तये

# શારદ

નવેમ્બર-૨૦૨૩
વર્ષ ૪૩, અંક-૧

શારદામંદિર, અમદાવાદ.

વાલીગણ

વિદ્યાર્થીમિત્રો

કુશળ હશો

સાદર નમસ્કાર,

વર્ષ ૨૦૨૩-૨૪ના પ્રથમ સત્રના અંતિમ તબક્કામાંથી પસાર થઈ રહ્યા છીએ. પ્રથમ સત્રાંત પરીક્ષા પૂર્ણ થઈ ગઈ, બાળકને અને આપને ખ્યાલ આવ્યો હશે તે આ ધોરણમાં આપણું બાળક ક્યાં ઊભુ છે અને હવે કંઈ બાજુ પ્રયાણ કરવાનું છે. બાળક પુસ્તકને વધારે પ્રાધાન્ય આપતો થાય તે જોવું એ વર્તમાન મોબાઈલ યુગમાં જરૂર થઈ પડ્યું છે. આ વર્ષે આવનાર બોર્ડ પરીક્ષામાં ફેરફાર થયેલ છે. તે વાલી અને વિદ્યાર્થીએ ચોકસાઈથી સમજવું ખૂબ જરૂરી બન્યું છે અને હવે તે દિશામાં કાર્યક્રમ બનાવી અભ્યાસ શરૂ કરવો જરૂરી બન્યો છે. પરીક્ષા પધ્ધતિમાં સતત ફેરફાર થઈ રહ્યો છે તે જાણવું જરૂરી છે.

ધોરણ-૧૦ અને ધો.૧૨ સામાન્ય પ્રવાહની બોર્ડની પરીક્ષામાં હેતુલક્ષી પ્રશ્નોનું પ્રમાણ ૨૦% ને બદલે ૩૦% અને વર્ણનાત્મક પ્રશ્નોનું પ્રમાણ ૮૦% ને બદલે ૭૦% કરવામાં આવેલ છે. તેમજ વર્ણનાત્મક પ્રશ્નોમાં પણ આંતરિક વિકલ્પને બદલે પ્રશ્નોમાં જનરલ વિકલ્પ અપાશે તેવો નિર્ણય હાલમાં શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલ છે. તેવી જ રીતે ધો.૧૨-વિજ્ઞાન પ્રવાહમાં ૫૦% MCQ અને ૫૦% વર્ણનાત્મક પ્રશ્નોમાં આંતરિક વિકલ્પને બદલે જનરલ વિકલ્પ આપવાનું ઠરાવવામાં આવેલ છે.

તંદુરસ્ત શરીર અને મગજ હોવા જરૂર હોઈ શાળા મેદાનની પ્રવૃત્તિઓ શરૂ કરવા જઈ રહી છે. જેના અનુસંધાને ક્રિકેટ, ફુટબોલ, ટેબલ ટેનીસ અને વોલીબોલ આ નજીકના દિવસોમાં શરૂ થશે. બાળકોને તે ગેમ રમતા કરવા જરૂરી બન્યુ છે. શાળા આગળ વધી આ પ્લેટફોર્મ પૂરું પાડવા માંગે છે. શાળાનું મેનેજમેન્ટ બાળકોના સર્વાંગી વિકાસ માટે ‘SMART’ એકેડમી બનાવવા જઈ રહી છે. જેમાં સ્પોર્ટસ, મ્યુઝીક, આર્ટ, રીક્રીએશન, ટેકનોલોજીની સુવિધા બાળકોને મળી રહે તેવા પ્રયાસ શાળા તરફથી થઈ રહ્યા છે. ટેકનોલોજી માટે સી.એસ.સી. સેન્ટર શાળાના પ્રાંગણમાં ઊભુ થઈ રહયું છે.

આપણી શાળાના ૧૦૦માં વર્ષમાં પ્રવેશે એક જબરજસ્ત ઉત્સાહ સૌના મનમાં સમાયેલ છે. અમદાવાદ અને ગુજરાત રાજ્યમાં બહુ ઓછી શૈક્ષણિક સંસ્થાઓ હશે કે જેમણે આ સુવર્ણતક ઝડપી હશે અથવા માણી હશે. આપણી સંસ્થા આજે પણ અડીખમ ઊભી છે. તેનો શ્રેય સંસ્થાના આદ્ય સ્થાપકો અને તેમના ગુરુને જાય છે. કેટલો નિઃસ્વાર્થ ભવ્ય ત્યાગ, બલિદાન અને સમાજ સેવાનો ભાવ મનમાં રોપાયેલો હશે. કદાચ મારા માટે કલ્પના બહારનો વિષય છે. વર્તમાન ષડયંત્ર વાળા જીવનને જોતા મને તો કંઈક અજુગતી દુનિયાની વાતો લાગે છે. આ શાળામાં આવ્યા પછી વ્યક્તિના જીવનમાં થતા પરિવર્તનથી લાગે છે કે કંઈક દૈવી શક્તિ હજુ પણ સારૂ કરવાની પ્રેરણા આપે છે. આદ્યસ્થાપકોના ગુરૂ અને સ્થાપનાદિને હાજર રહેલા તેમના પરિવારના લોકોને મળી ખૂબ આનંદની લાગણી અનુભવી. ૧૦૦માં વર્ષની ઉજવણીમાં ત્રણેક મોટા કાર્યક્રમ આપણે પૂરા કર્યા. સ્થાપના દિન, ગુરૂવંદના અને શારદામંદિરની ઓળખ સમા ગરબા, હવે બીજા કાર્યક્રમોની તૈયારીમાં શાળા વ્યસ્ત છે.

શતાબ્દી વર્ષ નિમિત્તે ઉજવાતા કાર્યક્રમમાં ભૂતપુર્વ વિદ્યાર્થીઓ, શાળામંડળના સભ્યો અને વર્તમાન સ્ટાફનો બહુ અમૂલ્ય ફાળો રહ્યો છે. હું અંતઃકરણ પૂર્વક આભાર માનું છું.

આભાર.

- આચાર્ય

( વિજય રાવલ)

**શાળામાં દિવાળી વેકેશન તા. ૯-૧૧-૨૩ ગુરૂવાર થી તા. ૨૯-૧૧-૨૩, બુધવાર સુધી રહેશે**
**તા.૩૦-૧૧-૨૩, ગુરૂવારથી શાળા રાબેતા મુજબ ચાલુ થશે.**

## શારદામંદિર સ્થાપનાદિન

**શતાબ્દી વર્ષની ઉજવણી (તા.૨૩-૮-૨૦૨૩)**

મા શારદાની કૃપાથી આપણી શાળા શારદામંદિર, આ વર્ષના શ્રાવણ સુદ સાતમે, તા. ૨૩-૮-૨૦૨૩ના રોજ, એકસોમા વર્ષમાં પ્રવેશી ચૂકી છે. આ પ્રસંગે વર્તમાન વિદ્યાર્થીઓ, શિક્ષકગણ, વાલીઓ, મેનેજમેન્ટના સભ્યો, આમંત્રિત મહેમાનો તથા જુદા જુદા વર્ષના (બેચના) ૧૨૦૦ - બારસોથી પણ વધુ સંખ્યામાં ઉપસ્થિત રહેલાં સૌ કોઈની આંખો હર્ષના આંસુથી છલકાઈ ગઈ.

મહેમાનોનું સ્વાગત NCC Cadet દ્વારા થયું હતું. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી થઈ, તે પછી પરંપરાગત બાળરથ, કૂચ અને મા શારદાનો ગરબો રજૂ થયો. જેમાં વર્તમાન વિદ્યાર્થીઓએ રંગ રાખ્યો. કાર્યક્રમને સૌએ ફુગ્ગા ઉડાડીને, હર્ષનાદની ચિચિયારીઓ તેમજ તાળીઓના ગડગડાટથી ગજાવી દીધો.

સંસ્થાના પ્રમુખ **શ્રી ભૂપેન્દ્રભાઈ મહોરોવાલા**એ આદ્ય સ્થાપકોના ગુરૂદેવ **પૂ. જ્ઞાનાનંદજી**ના સેન્ટર (વિશાખાપટ્ટનમ) થી આવેલા **સીતાકલ્યાણજી,** સ્થાપકો ભોગીભાઈ ઠાકરના પરિવારમાંથી આવેલ **દીપભાઈ મહેતા,** સવિતાબેન ત્રિવેદીના પરિવારમાંથી આવેલા **મારુતિભાઈ ત્રિવેદી**નું સન્માન કર્યું અને વજુભાઈ દવેના ઈ-પુસ્તકોનું વિમોચન **આશાબેન રાવલ** દ્વારા કરવામાં આવ્યું. તે પછી શારદામંદિરના સ્થાપકો અને તેમના આધ્યાત્મિક અનુસંધાન વિશે તેમજ શાળાની ભાવિ યોજનાઓ વિશે હાલના ટ્રસ્ટીઓ, **રૂપલબેન મહેતા** તથા **ઉદયનભાઈ શાહ** દ્વારા માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન **દીપાલીબેન વસા - જહાંનારા** દ્વારા કરવામાં આવ્યું હતું આખોય કાર્યક્રમ ફેસબુક પર લાઈવ કરવામાં આવ્યો હતો અને દેશ-વિદેશમાં વસતાં સેંકડો ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ભાવુક બની ગયા હતાં.

કાર્યક્રમને અંતે પ્રસ્થાન કરતા પહેલા વર્ગે વર્ગે ફરીને મહેમાનોએ, વર્તમાન વિદ્યાર્થીઓએ ૧૦૦ વર્ષની થીમ અંતર્ગત કરેલી પ્રશંસનીય રંગોળીઓ નિહાળી હતી.

આપ સૌના સહકાર અને સહયોગ બદલ આભાર.

---

## અભિનંદન



શ્રી રૂપલબેન મહેતા

માતૃભાષા ગુજરાતી ભાષાનો પ્રચાર અને પ્રસાર થાય તે માટે નિ:સ્પૃહ ભાવે અવિરત કાર્ય કરનાર આપણી શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી તેમજ શાળાના ટ્રસ્ટી શ્રી રૂપલબેન મહેતાએ ટેકનોલોજીનો વિવિધ ઉપયોગ માતૃભાષા માટે કરવા અંગે ''શ્રી રતીલાલ ચાંદેરીયા માતૃભાષા ગૌરવ એવોર્ડ'' પ્રાપ્ત કરેલ છે. જે અંગે શ્રી રૂપલબેનને શાલ ઓઢાડી, મોમેન્ટો તથા રૂા.૧,૦૦,૦૦૦/-નો ચેક અર્પણ કરવામાં આવેલ.

તેઓશ્રી સાહિત્યલક્ષી વેબસાઈટ ડેવલપમેન્ટ, ઓનલાઈન ડેવલપમેન્ટ પોર્ટલ તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે બાળકો માટે ગુજરાતી વેબ કન્ટેન્ટ વિકસાવી, તસ્વીરોનું ડીજીટલાઈઝેશન તથા સાહિત્યિક સંસ્થાઓને ટેકનોલોજી સાથે સજ્જ કરનાર પ્રથમ વ્યક્તિ રહ્યા છે.

વર્તમાન યુગમાં માતૃભાષાનું સંવર્ધનનું શ્રેય શ્રી રૂપલબેનને જાય છે અને તેમનું આવુ સન્માન કરવામાં આવેલ તે બદલ શાળા પરિવાર તરફથી તેઓને ખૂબ ખૂબ અભિનંદન. જે બદલ શાળા ખૂબ ગૌરવ અનુભવે છે.

---

આપણી શાળા શારદામંદિર મોડર્ન સ્કુલનો અંગ્રેજી માધ્યમ ધો.૮ઈનો વિદ્યાર્થી **ચિ. શ્રીમાળી પ્રિન્સ ભાવેશ** ગુજરાતી સીરીયલ 'પ્રેમની ભવાઈ'માં એક્ટર-સીંગર તરીકે ભાગ લીધેલ જેમાં મહારાજા ફિલ્મફેસ્ટીવલ-૨૦૨૩માં એપ્રીસીએશન ફોર બેસ્ટ ચાઈલ્ડ આર્ટીસ્ટનું સર્ટીફીકેટ મેળવેલ છે. આ ઉપરાંત વર્ષ ૨૦૧૭માં ડીડી નેશનલ ચેનલ પર પ્રસારીત 'મેરી કહાની મેરી જુબાની'માં પણ ડબીંગ આર્ટીસ્ટ તરીકે કામકરેલ જેમાં તેને દૂરદર્શન કેન્દ્ર તરફથી રૂા.૫૦૦/- નું ઈનામ પ્રાપ્ત કરેલ જે બદલ ચિ.પ્રિન્સને શાળા પરિવાર તરફથી ખૂબ ખૂબ અભિનંદન.

## બાલમંદિર વિભાગ

- તા. ૫-૬-૨૦૨૩ને સોમવારથી શાળાનું નવું સત્ર શરૂ થયું. લાંબી રજાઓની મજા માણી બાળકો આનંદ ઉલ્લાસથી શાળાએ આવ્યા.
- સંગીતમાં ગવાતા બાળગીતો અને અભિનયગીતો બાળકો તાલબધ્ધ રીતે ગાતા જોવા મળે છે.
- જીવનમાં જરૂરી એવા અને સ્વચ્છતાનું મહત્વ સમજાવતા વિવિધ પાઠ જેવા કે નખની સફાઈ, હાથ ધોવા, બાથરૂમ નિયત સ્થાને જવું, ચંપલ યોગ્ય જગ્યાએ મૂકવા, દાંતની યોગ્ય સફાઈ કરવી, લાઈનમાં ચાલવું વગેરેની સમજ પ્રત્યક્ષ રીતે આપવામાં આવી.
- ચિત્રવાર્તા રૂપે વિવિધ વાર્તાઓ જેવી કે ઊંટ અને શિયાળ, સસલું અને કાચબો, કાગડો અને શિયાળ બાળકોને ચિત્રો જોઈ વાર્તા સાંભળવાની મજા આવી.
- તા. ૧૯-૬-૨૩ને સોમવારે રથયાત્રા પર્વની સમજ આપી. મગ, જાંબુ, કાકડી, કેરીનો પ્રસાદ આપવામાં આવ્યો.
- તા. ૨૧-૬-૨૩ને બુધવારે 'વિશ્વ યોગદિવસ' નિમિત્તે યોગ કરવાથી થતા ફાયદા સમજાવી સરળ યોગના આસન કરાવ્યા.
- તા. ૩૦-૬-૨૩ને શુક્રવારે 'ગૌરીવ્રત' નિમિત્તે જવારાનું પૂજન નાની બાળાઓ પાસે કરાવ્યું.
- તા. ૩-૭-૨૩ને સોમવારે 'ગુરૂપુર્ણિમા' નિમિત્તે આપણા જીવનમાં ગુરૂનું મહત્વ સમજાવી એકલવ્યની ગુરૂભક્તિની વાર્તા કહી.
- અનાજ, કઠોળ, દાળની પ્રત્યક્ષ ઓળખ કરાવી ખોરાકમાં તેનું મહત્વ સમજાવ્યું.
- તા. ૧૨-૭-૨૩ને બુધવારે બાગાયાતના પાઠ દ્વારા બાગાયાતમાં વપરાતા સાધનોની ઓળખ કરાવી મેથીની વાવણી કરાવી.
- તા. ૮-૭-૨૩ને શનિવારે 'ભૂંડી ઉંદરડી'ની વાર્તા પપેટ દ્વારા બાળકોએ માણી.
- વૃક્ષોની માવજત અંગે સમજ આપી મોટા ઝાડના પાનની ઓળખ કરાવી ક્રિડાંગણમાં આવેલ મોટા ઝાડ કે લીમડો, આંબલી, વડ, આસોપાલવ, નિલગીરી, પીપળો, બતાવી વૃક્ષોનું મહત્વ સમજાવ્યું.
- શાળામાંથી અપાતો ગરમ અને પૌષ્ટિક નાસ્તો કરવાની બાળકોને ખૂબ મજા આવે છે.
- બાળકોને મ્યુઝિક થેરેપી દ્વારા જુદા જુદા વાજીંત્રો સાથે સંગીત કરાવી એકાગ્રતા કેળવાય અને સંગીતનું સામાન્ય જ્ઞાન લય, તાલ સાથે મેળવે એ રીતે સંગીત કરાવવામાં આવે છે.
- હવે બાળકો શાળાના ૧૦૦માં સ્થાપનાદિનની તૈયારી કરવામાં મગ્ન બની ગયા છે.
- તા. ૧૪-૮-૨૩ને સોમવારે સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવામાં આવી.
- તા. ૨૨-૮-૨૩ને મંગળવારે શાળાના ૧૦૦મા સ્થાપનાદિની ઉજવણી કરવામાં આવી.
- તા. ૨૯-૮-૨૩ને મંગળવારે બલિરાજાની વાર્તા સમૂહમાં બાળકોને કહી રાખડીનું મહત્વ સમજાવ્યું. બાળકોને કુમકુમતિલક કરી મોં મીઠુ કરાવી તહેવારની ઉજવણી કરવામાં આવી.
- તા. ૫-૮-૨૩ શિક્ષકદિન નિમિત્તે બાળકો શિક્ષકોને વંદન કરી પુષ્પ આપી શિક્ષકોનું અભિવાદન કર્યું.
- તા. ૬-૯-૨૩ને બુધવારે જન્માષ્ટમી પર્વની ઉજવણી કરવામાં આવી. નાનકડા જીયાંશીબેને બાલગોપાલ બની બાલકૃષ્ણના દર્શન કરાવ્યા. શંકરના પાત્રમાં યાનાબેને ખૂબ સુંદર અભિયન કર્યો.
- તા. ૧૬-૯-૨૩ને શનિવારે મહાવીર જન્મવાંચનની ઉજવણી કરી ધૂન બોલાવી.
- તા. ૧૮-૯-૨૩ને સોમવારે ગણપતિ સ્થાપના કરવામાં આવી. ગણેશચતુર્થી નો તહેવાર ધામધુમથી ઉજવ્યો.
- તા. ૩૦-૯-૨૩ને શનિવારે બીજી ઓક્ટોબર ગાંધીજયંતિની ઉજવણી કરી ગાંધીબાપુને યાદ કરી પુષ્પાંજલિ અર્પણ કરી.
- તા.૧૮-૧૦-૨૩ને બુધવારે નવરાત્રિ મહોત્સવની ઉજવણી કરવામાં આવી. શ્રીમતી નિહારીકાબેન આચાર્ય તથા વિપુલભાઈ આચાર્યના હસ્તે દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરી. બાળકોએ મંજીરા, ગરબી, હીંચ, રાસ લઈ જુદી જુદી રીતે ગરબાની રમઝટ બોલાવી.
- દિવાળી પર્વ નિમિત્તે સમૂહવાર્તા દ્વારા પર્વનું મહત્વ સમજાવી વર્ગસફાઈ, મહેમાનનું સ્વાગત, દિવાળી કાર્ડ, કોડિયા ડેકોરેશન, સાથિયા, તોરણ અને રંગોળી જેવી અનેકવિધ પ્રવૃતિમાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો. રોશનીના આ તહેવારને હર્ષોલ્લાસથી માણ્યો.
- તા. ૯-૧૧-૨૩ને ગુરૂવારે શાળાનું પ્રથમ સત્ર પૂરુ થયું. બાળકોએ શિક્ષણ સાથે અવનવી પ્રવૃત્તિ અને તહેવારોની મજા માણી.

## સંશોધનાત્મક

**હિમાલયન પ્રેરકબળ : ન્યુક્લિયર સાયન્ટીસ્ટ પૂ.સ્વામી જ્ઞાનાનંદજી**
**સંશોધનાત્મક : શારદામંદિરના સ્થાપકો અને આધ્યાત્મિક અનુસંધાન**

શારદામંદિર જેવી સંસ્થાઓ ઉદ્ભવ થવો અને એકસો વર્ષ સુધી એકધારી રીતે તેનો સંસ્કારમય વિકાસ થવા પાછળ શું તમને નથી લાગતું કે કોઈ વિશેષ 'બળ' કામ કરી રહ્યું હશે ? આ પ્રેરકબળ, આ 'સત્ત્વ' વિશે કંઈક એવું જાણવા મળ્યું છે કે જેની તમારી સમક્ષ સંશોધન રૂપે મૂકવાનું મન થયું છે. ગંગાની ઉત્પતિ ક્યાંથી થઈ ? તો કોઈ એક નામ ચીંધી શકાય એવું નથી. જો ગંગાનું મૂળ શોધવું હોય, તો એકમાત્ર ગંગોત્રી સુધી જઈને કહી ન શકાય કે આ ગંગાનું મૂળ છે - કદાચ ગૌમુખથી પણ આગળ જવું પડે અને હિમાલયમાં વહેતા અનેક રહસ્ય ઝરણાંઓ અને નદીઓ સમાવી, તે સૌને વંદન કરવા ઘટે. જ્યારે 'ઉદ્ભવ' મળે ત્યારે એ વિરલ ઘટનાને ઉજવવી જોઈએ.

જે મૂળિયું, જે hidden 'પ્રેરક બળ' ની આપણે વાત કરી રહ્યાં છીએ, તે આધ્યાત્મિક અનુસંધાન હતા, શારદામંદિરના સ્થાપકોના ગુરુદેવ, સલાહકાર, માર્ગદર્શક કે બીજા શબ્દોમાં કહીએ તો 'મેન્ટર' Mentor; હિમાલયના પ્રચ્છન્ન પૂજ્ય સ્વામી જ્ઞાનાનંદજી, જેઓ 'The Saint and the Scientist' તરીકે જાણીતા છે. તેઓ સિદ્ધ યોગી પણ હતા અને પ્રખર અણુવિજ્ઞાની - Nuclear Scientist પણ હતા અને 'Education... Education... Education' એ જ તેમનું જીવન હતું. તેમણે લખેલા પુસ્તકોમાં ગહન આધ્યાત્મિક ફિલસુફી 'પૂર્ણસૂત્રો' તથા અણુવિજ્ઞાનને લગતા Elements of Nuclear Physics, Nuclear વગેરેનો સમાવેશ છે. તેમના કાવ્યો પણ પ્રકાશિત થયા છે.

ભાવપૂર્વક વંદન સાથે, જે કંઈ પ્રગટ થયું છે, તે સઘળું નતમસ્તક સંશોધન રૂપે આપ સૌની સમક્ષ મૂકું છું. અસ્તુ. પ્રણામ અને શુભકામનાઓ.

**શારદામંદિરની 'Signature Activities' વિશે વિચારવા યોગ્ય:**

ખાસ કરીને આ પ્રવૃત્તિઓ શારદામંદિરની 'ઓરીજીનલ' Original છે - બીજી કોઈ શાળામાં આવી પ્રવૃત્તિઓ જોવા કે સાંભળવા નહીં મળે. તે સ્થાપકોના આધ્યાત્મિક અનુસંધાનને કારણે જન્મી હોઈ શકે.

પ્રાતઃ પ્રાર્થનામાં જે પદ્ધતિ છે, તે પદ્ધતિ ધ્યાન કરવાની શરૂઆત જેવી છે. નથી કોઈ પ્રાર્થના ગવાતી, નથી કોઈ ભજન-કીર્તન, નથી કોઈ દેવ-દેવી-બ્રાહ્મમૂહૂર્તમાં ઉઠીને આંખો બંધ કરીને માત્ર બેસવાનું અને પ્રભુસ્મરણમાં એક થઈ જવાનું. આવી કોઈ પદ્ધતિનો પરિચય એક શાળામાં કરાવવો,એ નાનીસૂની વાત નથી અને તે પોતાના અનુભવ વગર શક્ય પણ નથી. સ્થાપકો ૧૯૨૫માં એ અનુભવ કરી ચૂક્યા હતાં.

બાળરથ એ પ્રતીક છે. રથ પર મક્કમ ઊભેલો બાળરથી, એ આદર્શ વિદ્યાર્થીનું પ્રતીક છે.

- બાળરથ : રથ, એ જીવનનું પ્રતીક છે અને જીવન એ ખુદ વિદ્યાર્થીનું જીવન છે. જેમાં તેણે હિંમતભેર પ્રગતિ કરવાની છે.
- ઘોડા : રથના ઘોડા, એટલે આનંદ, ઉત્સાહ, ખુમારી, સદ્ગુણ અને સંસ્કાર, જે વિદ્યાર્થીએ શાળામાં મેળવ્યા છે.
- પૂજન : પૂજન અને તિલક એ શુભેચ્છા અને ગુરુજનો તથા વડીલોના આશીર્વાદના પ્રતીક છે.
- અભિવાદન : અભિવાદન એ દેશ-પરદેશ ચોમેર, મિત્રતા અને સંસ્કાર પ્રસરાવવાનું પ્રતીક છે.
- ચાલ : રથ સાથે આગળ વધતો બાળરથી એ પ્રગતિનું પ્રતીક છે.
- સ્વાગત : શાળા પરિવાર તરફથી સ્વાગત, એ સમાજ દ્વારા આવકારનું પ્રતીક છે.

ટૂંકમાં, બાળરથી એટલે શાળામાંથી હિંમત, ખુમારી, સદ્ગુણ અને સંસ્કારનું સિંચન પામેલો શારદામંદિરનો વિદ્યાર્થી, ગુરુજનોના આશીર્વાદ પ્રાપ્ત કરીને જીવનસંગ્રામમાટે તૈયાર છે. ત્રણ રથ, ભૂતકાળ, વર્તમાન અને ભાવિ વિદ્યાર્થીનું પ્રતીક છે.

સ્થાપનાદિન આપણે જોઈએ છીએ તે સ્થાપનાદિનના બધાજ કાર્યક્રમો પણ રૂપક છે. કાર્યક્રમનો ક્રમ વિશિષ્ઠ છે. બાળકના સંસ્કાર ઘડતરની આગવી ઓળખ છે. તેને કાર્યક્રમ તરીકે ભૂલી જઈને સહેજ જુદી રીતે જોશો, તો તમને જણાશે કે આ આખાય સ્થાપનાદિનના કાર્યક્રમનો ક્રમ, બાળકનું ચારિત્ર્ય ઘડતર સૂચવે છે. આખો કાર્યક્રમ જ રૂપક છે, અને કોઈ ગહન મનમાંથી આવ્યો લાગે છે.

શાળાને આપણે મા શારદાનું મંદિર ગણીને બાળકને દેવ તરીકે સ્થાપીએ છીએ અને સ્તુતિ - પ્રાર્થાથી શરૂઆત કરીએ છીએ. તે પછી બાળરથીને મૂલ્યોથી સમજાવી, તેને જીવનસંગ્રામ માટે તૈયાર કરીએ છીએ. તે પછી કૂચ દ્વારા તેનામાં ઉત્સાહ અને જોમ ભરીએ છીએ. અને છેલ્લે આપણે ગરબા તરફ જઈ રહ્યા છીએ એટલે આનંદ અને ઉલ્લાસ સાથે તેને સંપૂર્ણ બનાવીએ

છીએ. આ રીતે જોતા સ્થાપનાદિનના આખાય કાર્યક્રમનો દોર સાધો, તો એ બાળકને સંપૂર્ણ કરનારી સાધના છે.

આ કોઈ સામાન્ય કાર્યક્રમથી, તેનો ક્રમ, તેનો પ્રકાર પણ રૂપક છે. આ આખીય વાત આધ્યાત્મિક છે.

**- રૂપલ કુશળ મહેતા (૧૯૭૨ બેચ)**

## Timeline

**૧૯૧૯** : યુવાન વિદ્વાન ભોગીભાઈ ઠાકર (શારદામંદિરના સ્થાપકોમાંના એક), માઉન્ટ આબુની સફરે જાય છે. નખીતળાવ પાસે લટાર મારવા નીકળેલા ભોગીભાઈને જાણવા મળે છે કે હિમાલયના કોઈ વિદ્વાન સંત, યોગી, સ્વામી જ્ઞાનાનંદજી, ભ્રમણ કરતા આબુપર્વત પર આવીને વસ્યા છે અને નખીતળાવ પાસે નીલકંઠ મહાદેવની બાજુની કુટિરમાં રોકાયા છે. તેમની પ્રશંસાથી પ્રેરાઈને ભોગીભાઈ તેમના ઉતારા પર જાય છે પણ સ્વામીજી પોતાની સાધના માટે પર્વતના જંગલો તરફ ગયેલા હોય છે. સ્વામીજી માટે રાહ જોઈને બેઠેલા ભોગીભાઈની વિદ્વાન નજર ત્યાં પડેલાં પુસ્તકોના ઢગ તરફ જાય છે અને તેમાં Critique of Pure Reason, Element of Metaphysics, Lightof Asia, ભગવદ્ગીતા અને વેદાંત સૂત્ર જેવા અનેક વિદ્વતાપૂર્ણ પુસ્તકો જોઈને ભોગીભાઈ આશ્ચર્યચકિત થઈ જાય છે. હવે તેઓ મક્કમપણે સ્વામીજીના આવવાની રાહ જુએ છે. રાત્રે દસ વાગે સ્વામીજી આવે છે અને તે પછી તે બંનેનો, જ્ઞાનનો સત્સંગ ચાલુ થાય છે. સ્વામીજીની વિદ્વતા અને વિચારોથી પ્રભાવિત થઈને ભોગીભાઈ તેમના શિષ્ય બને છે અને આમસ્વામીજી તેમના Mentor બને છે.

તે પછી હિમાલય તરફ પાછા જતા પહેલાં, શ્રી ભોગીભાઈની વિનંતીને માન આપીને સ્વામીજી અમદાવાદ આવે છે દસેક દિવસ રોકાય છે. ભોગીભાઈ તેમની ઋષિકેશ જવાની યાત્રાની ગોઠવણ કરી આપે છે.

**૧૯૨૧ (એપ્રિલ-મે)** : શ્રી ભોગીભાઈના પત્રની વિનંતીને માન આપીને સ્વામી જ્ઞાનાનંદજી તેમની સાથે સમય ગાળવા અમદાવાદ આવે છે. ભોગીભાઈના ઘરે રોકાયેલા સ્વામીજી, ત્રણ-ચાર કાવ્યો રચે છે, જે અન્યત્ર પ્રકાશિત થયેલા છે.

**૧૯૨૪** : નવેમ્બરમાં હિમાલયયાત્રા પછી સ્વામીજી અમદાવાદ આવે છે અને કેટલાક દિવસ ભોગીભાઈ સાથે ગાળે છે.

**૧૯૨૫** : એપ્રિલ માસમાં સ્વામીજી અમદાવાદ પાછા આવે છે અને આ વખતે શ્રી ભોગીભાઈ અને મિત્રો (જેઓ પણ શાળાના સ્થાપકોમાંના હતા), તેમની પાસે યોગસાધનાના અભ્યાસ પ્રારંભ કરવા માંગે છે. તે સૌ - એટલેકે ભોગીભાઈ ઠાકર, શેઠ રણછોડલાલ, હર્ષદભાઈ શોધન, સવિતાબહેન ત્રિવેદી, ચંપાબહેન મહેતા અને અન્ય કેટલાંક સાથે, મે મહિનામાં, માઉન્ટ આબુમાં બંગલો ભાડે રાખે છે. જેમાં દરેકના અલગ રૂમ હોય છે અને યોગસાધના માટે મોટો હોલ હોય છે. શાળામાં વેકેશન હોવાથી આ લોકો તેમની સાથે શારદામંદિરના રસોઈયાને સાથે લેતા જાય છે, જે રસોડાનું કામ સંભાળી લે છે. સ્વામીજી સૌને ધ્યાન પદ્ધતિ શીખવે છે. દરરોજ સવારે સાડા ચારે ઉઠીને તૈયાર થવાનું, શ્લોકો સાથે શરૂઆત કરીને અડધો કલાક ધ્યાનમાં બેસવાનું, તે પછી દરેકે, તેમની જરૂરિયાત પ્રમાણે યોગાસન કરવાના. હળવો નાસ્તો લેવાનો. ત્યારબાદ સવારે સાડા દસે ફરીથી ધ્યાનમાં બેસવાનું. તે પછી ભોજન અને સાધારણ આરામ બાદ બપોરે બે વાગે એકઠા થવાનું, વળી પાછા આસનો અને ગહન ધ્યાનમાં ડૂબી જવાનું. સાંજ પડતા જંગલમાં ફરવા જવાનું અને કુદરતના ખોળે ધ્યાન કરવાનું. કુદરતને માણવાની, તળાવમાં ડૂબકીઓ લગાવવાની. રાત્રે સૂતા પહેલા ધ્યાન કરીને વહેલા સૂઈ જવાનું.

**૧૯૨૭** : સ્વામીજી યુરોપની સફરે છે અને ઓસ્ટ્રિયામાં આવેલા વિયેના ખાતે તેમને મુલાકાતે અમદાવાદના મિત્રો, એટલે કે તેમના શિષ્યો, શ્રી ભોગીભાઈ, શ્રી રણછોડભાઈ તથા અન્ય પાંચ જણ - જાય છે. તે વખતે સ્વામીજી ત્રણેક કાવ્યો રચે છે.

**૧૯૫૦** : શિષ્યોની વિનંતીને માન આપીને સ્વામીજી અમદાવાદ આવે છે. શારદામંદિરમાં નવો પ્રાર્થના હોલ બંધાવાનો છે. તેની શિલારોપણ-વિધિ કરવા સ્વામીજી આવે છે અને આશીર્વાદ આપે છે. શાળાના વિકાસથી ખુશ છે.

**૧૯૪૭-૧૯૫૪** : શ્રી ભોગીભાઈ ઠાકર, શ્રી સવિતાબહેન ત્રિવેદી, શ્રી હર્ષદરાય શોધન, શ્રી ચંપાબહેન મહેતા, સ્વામીજીને મળવા મુંઈબ આવે છે અને એક યુનિવર્સિટીની સ્થાપના સમિતિને મળવા, તેમને અમદાવાદ આવવાનું નિમંત્રણ આપે છે. આ લોકો અમદાવાદમાં તેમની મુલાકાત શ્રી માવળંકર સાથે ગોઠવે છે અને Department of Nuclear Research માટે સ્વામીજી ચર્ચા કરે છે. તેમની વિદ્વતા જોઈને શ્રી માવળંકર, શ્રી જવાહરલાલ નહેરુને વાત કરે છે. નહેરુ તેમને તાત્કાલિક દિલ્હી બોલાવે છે અને સ્વામીજીને મળીને ખૂબ પ્રભાવિત થાય છે અને આ રીતે ભારતમાં તેઓ માર્ચ ૧૯૪૮થી શરૂ થતી National Physical Laoratory નો Nuclear Research વિભાગ સંભાળવા તૈયાર થાય છે. એ વિભાગ શરૂ થતા પહેલાં, ડિસેમ્બર ૧૯૪૭ના સમય ગાળામાં સ્વામીજી પાછા અમદાવાદ, તેમના શિષ્યો (શ્રી ભોગીભાઈ વગેરે) સાથે રહેવા આવે છે.

## સંશોધનાત્મક

<u>**૧૯૫૬**</u> **:** સ્વામીજીની ષષ્ઠિપૂર્તિ પ્રસંગે પસિવેદલા (આંધ્રપ્રદેશ) ખાતે કાર્યક્રમ યોજાય છે જેમાં હિમાલયના સંતો, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્નન, પ્રોફેસર એસ.એન.બોઝ તથા અન્ય નામાંકિત મહાનુભાવો સાથે અમદાવાદથી તેમનું શિષ્યગણ તો હાજર હોય જ - ભોગીભાઈ ઠાકર, હર્ષદભાઈ શોધન, જ્યોત્સનાબહેન શોધન વગેરે. શ્રી ભોગીભાઈ, સ્વામીજીની આધ્યાત્મિક પરાતત્ત્વાનુભૂતિ તથા સ્વામીજીના, ભૌતિક વિશ્વની atomic અને nuclear દુનિયાના અનુભવો વિશે વ્યાખ્યાન આપે છે.

<u>**૧૯૬૩-૧૯૬૭**</u> **:** સ્વામીજીની નિવૃત્તિથી અંતઃકાળ સુધી, દર્શનાર્થે શિષ્યો તેમના વોલ્ટેર (વિશાખાપટ્ટનમ) ખાતેના નિવાસસ્થાને દર વર્ષે મળવા જાય છે - શ્રી ભોગીભાઈ, હર્ષદભાઈ, સવિતાબહેન, ચંપાબહેન વગેરે.

***The saint*** : સ્વામી જ્ઞાનાનંદજીનો જન્મવિદ્વાન અને સુખી કુટુંબમાં થયો હતો. ગૌતમબુદ્ધની પ્રેરણા પામીને તેમણે પોતાના સર્વસ્વનો ત્યાગ કર્યો અને વર્ષો સુધી હિમાલયમાં યોગસાધના કરી, ઉચ્ચ આધ્યાત્મિક અવસ્થા પ્રાપ્ત કરી. ભારતના આ પ્રચ્છન્ન, પ્રખર વિદ્વાનીએ 'પૂર્ણસૂત્ર' નામનો ગહન આધ્યાત્મિક ગ્રંથ લખ્યો અને ઉત્તર ભારતના પર્વત-શિખરો પર ભ્રમણ કર્યું. આઈનસ્ટાઈનથી પ્રેરાઈને ફિઝીક્સના અભ્યાસ માટે તેઓ જર્મની ગયા. તેમણે Nuclear Physics વિષયે કામ કર્યુ અને પી.એચ.ડી. પ્રાપ્ત કર્યું.

**The Scientist :** He went to Germany with an interest in Physics. He studied Mathematics and Physics at Dresden. He took up research in High Tension and X-Ray Physics at Charles University, Prague. He was initiated as Swami Jnanananda by his guru, Swami Purnananda. His research at the university led to the development of precise methods in X-Ray spectroscopy for which he was awarded a D.Sc. in 1936. He has worked in Nuclear Physics, Spectroscopy of Beta Radiations and received his Ph.D. He continued his research on Beta Ray spectroscopy in the United States with a number of radioactive isotopes at the Michigan University. On the request of Vice-Chancellor of Andhra University, he joined the Physics Department for developing nuclear physics facilities in 1954. Nuclear Physics as a separate Department was started on 1 July 1956.

**Reference:** The Saint and the Scientist.
https://www.saint-scientist.org/

## સંસ્થાકીય








તા. ૬-૧૧-૨૩ના રોજ, ટ્રીનીટી શાળામાં વિજ્ઞાન મેળાનું આયોજન કરવામાં આવેલ. આપણી શાળાના વિદ્યાર્થીઓએ તેમાં છ વર્કિંગ મોડેલ રજૂ કરેલ. વિજ્ઞાન શિક્ષકોના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ ગેસ લીકેજ સેન્સર, અર્થ ટ્રાન્સપોર્ટ, કાર્બન એબ્સોર્શન, સોલાર એનર્જી વગેરે જેવા પ્રોજેક્ટ બનાવ્યા અને સૌ મુલાકાતીઓ સમક્ષ સુંદર રીતે પ્રસ્તુત કર્યા તે બદલ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને અભિનંદન...





હાલમાં રમાનાર સ્વામિનારાયણ ગુરૂકુલ V.P.(SGVP) સ્કુલ ફુટબોલ ટુર્નામેન્ટમાં આપણી શાળાનો શીશુમંદિર (ગુજરાતી માધ્યમ)નો ધો.૭માં ભણતો વિદ્યાર્થી પ્રજાપતિ રીશી એ મેન ઓફ ધ મેચ ટાઈટલ જીતેલ તે બદલ શાળા પરિવાર તરફથી ખૂબ ખૂબ અભિનંદન.

# સંશોધનાત્મક

**Message Received in Person :**
**Blessings from Pujya Swamiji Jnanadji Centre**

Pranams to Roopal Mehtaji

On behalf of Saint and Scientist Prof. Swami Jnanananda Trust we want to thank you for invitation to participate in the centenary celebrations of Sharada Mandir Vidyalaya. We offer our sincere and warmest congratulations on the happy occasion of grand and earned success.

Your journey to success started 100 years ago by the vision, dedication and sacrifice of founders Sri BhogilalThaker Savitaben Trivedi and Chandulal Dave.We would like to convey our utmost gratitude and respect to all their surviving family members, some of them are here with us today.

The vision of the founders followed by selfless actions of dedicated teachers, administrators volunteers and Alumni contributed to the grand success of your great educational Institution.

Sri Bhogilalji met Swami Jnanananda at Siva temple of Nilakantha Mahadev and became his disciple. (1919). Swamiji had many followers in Ahmedabad and used to visit and guide them in their spiritual practice.

Brief Life history of Swami Jnanananda D.Sc (Prague) Ph.D( Liverpool)

F.Inst.P(London). Sigma XI (USA)

Former Associate Director of National Physical Laboratory New Delhi (1947-1954)

Former professor and Head of Department of Nuclear Physics Andhra University, Waltair (1954-1969)

Swami Jnanananda was born in 1896 in Andhra paradesh,son of Sri Bhupatiraju Rama Raju and Sita Devi. He in search of TRUTH based on teachings of Bhagavad Gita, Lord Buddha (Renunciation is the only way to perfection) left for Himalayas at the young age of 21.He practiced intense yoga sadhana in deep forests and snowy mountains attained NIRVIKALPA SAMADHI at the age 25 years. After a short gap he returned to Himalayas to continue intense tapas some times as digambari. While he was in Gangotri (1925)he wrote a masterpiece (PURNA SUTRAS) in English on Bhoja Patras since he did not have paper to write on.

He went to Germany (1927) to publish the book as well as to lecture on Indian philosophyto westerners. While he was there he studied mathematics physics and did research in X ray physics at Charles University in Prague and was awarded Doctor of Science degree. During Second World War he left Germany for Liverpool University in England and was awarded Ph.D and Fellowship of London famous Institute of Physics. He was then invited to Michigan University in USA to continue research and was awarded Sigma XI.

When Independence was declared for India Swamiji wanted to return to India to train Indian physicists. He notified Sri Harishadlal Shodan about his intensions, who contacted Prof. Majumdar at that time was trying to establish University in Gujarat. However it was decided that Nation physical Laboratory in New Delhi by the invitation of Pundit Nehru is the right place for Swami's research (1947-54).

He joined Andhra University as professor and Head of Department of Nuclear Physics, trained 20 doctorate scholars.(1954-1969)


Swami Jnanananda delivered presidential address at "Philosophy of mathematics and physics section of the first session of International academy of philosophy, Ahmedabad 18 Feb 1962.His lecture is on "The synthesis of ultimate objective of empiricism, rationalism and transcendentalism" is a master piece. At that time lecture he fondly remembered his long association with cultured citizens of great state of Gujarat. He attained NIRVANA in 1969 and is in state of Samadhi at GORGANAMUDI, Andhra Pradesh.

We have no doubt that with the blessings of founders and their Gurudev your institution will attain further great progress in the spirit it was established We are humbled and thank you for inviting us to participate. I personally met and have fond memories of Sri Bhogilalji, Savitabenji, Harshadlalji and Jyosnaji when they used to visit their Guru at Walter Visakhapatnam.


**Dr. B. Rama Raju**
**Srimati B. Sitakalyani**



શ્રી સવિતાબહેન ત્રિવેદી, પૂ.સ્વામીશ્રી જ્ઞાનાનંદજી,
શ્રી ભોગીભાઈ ઠાકર, શ્રીમતી મણિબેન, શ્રી ઉષાબહેન



Swami Gnanananda



**(Photo Courtesy : Rudraben Dave USA - Family member of shri Bhogibhai Thakar)**

# શિક્ષક વિભાગ

શિક્ષણનો ઉદ્દેશ્ય માત્ર અક્ષરજ્ઞાન નહીં, પરંતુ વ્યક્તિને કેળવવાનો છે. વ્યક્તિમાં સંસ્કાર સીંચન કરવાનો છે. આપણી શાળાના વિદ્યાર્થીઓને પણ શિક્ષણ સાથે શાળા જીવન દરમિયાન વિદ્યાર્થીઓ સંપ, સહકાર, સેવા, સફાઈ, સ્વાશ્રય, સાદગી જેવા ગુણોનો વિકાસ થાય એ હેતુ સાથે ગયા વર્ષે શાળામાં સ્કાઉટ ગાઈડ પ્રવૃત્તિની શરૂઆત કરી. જેમાં બાળકો અને વાલીશ્રીનો ખૂબ સાથ સહકાર મળ્યો અને આ પ્રવૃત્તિ વેગવંતી બની. સ્કાઉટ ગાઈડ પ્રવૃત્તિઓ મહત્વનો ભાગ છે. બાળકમાં દિક્ષા વિધિ ગત વર્ષે શાળામાં ખૂબ સરસ રીતે બાળકોની દિક્ષાવિધીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો અને બાળકોએ ખૂબ સરસ પ્રદર્શન કર્યું. આ વર્ષે પણ ઘણા બાળકો સ્કાઉટ ગાઈડ પ્રવૃત્તિ સાથે જોડાયા છે. જે જાણીને આનંદ થાય છે. આમ સ્કાઉટ ગાઈડ પ્રવૃત્તિ હંમેશા વેગવંતી બની રહે અને બાળકો ઉત્સાહપૂર્વક આ પ્રવૃતિમાં ભાગ લેતા રહે.

- **મનિષભાઈ પટેલ** (પ્રિન્સીપાલ, શિશુમંદિર)

---

**સમય જતાં ક્યાં વાર લાગે છે ? - 'શાળાનો શતાબ્દી વર્ષમાં પ્રવેશ'**

શારદામંદિર એ એક એવી શાળા કે જાણે બાળકોના જીવન ઘડતર અને ભારતીય સંસ્કૃતિ અને સુસંસ્કારનું સિંચન કરતું સરસ્વતિ મંદિર. પ્રેમાળ શિક્ષકોના સંગથી કેટ કેટલાય બાળકોનું ઘડતર કરી શાળાએ શતાબ્દી વર્ષમાં પ્રવેશ કર્યો. શાળામાં હંમેશા બાળકને જ કેન્દ્રસ્થાને રાખી બાલપૂજન કરવામાં આવે છે. શતાબ્દી વર્ષમાં પ્રવેશતાં જ ટ્રસ્ટીશ્રી તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા શાળામાં બાળકોના ઘડતરમાં અમૂલ્ય ફાળો આપનાર દરેક શિક્ષક માટે 'ગુરૂવંદના' કાર્યક્રમનું સુંદર આયોજન કરી દરેક શિક્ષકનું બહુમાન કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓનો શિક્ષકો માટેનો અતૂટ પ્રેમ જોઈ એક શિક્ષક તરીકે ગર્વની લાગણી અનુભવાય છે. શાળા ૧૦૦ વર્ષ પૂરા કરવા જઈ રહી છે ત્યારે બાળકો સાથે વિતાવેલા સંસ્મરણો યાદગાર બની રહેશે.

'મારી શાળા મારુ ગર્વ'

- **ક્ષમા ત્રિવેદી** (પ્રિન્સીપાલ-બાલમંદિર)

---

## શિક્ષણ

શિક્ષણ એટલે શિખ મેળવવાની ક્ષણ. અહીં આપણે શિક્ષણને પુસ્તકીયા જ્ઞાનથી જ અપનાવીએ છીએ. પરંતુ ભણતરની સાથે ગણતર પણ એટલું જ અગત્યનું છે. કોઈપણ વેદનાની ક્ષણોમાં શીશકારો નીકળવો એ શારીરિક વેદનાની ક્ષણ છે, પછી તે માંદગીની, સંબંધોમાં કે વ્યાપારિક વ્યવહારોમાં લાગતી ઠોકર એટલે અનુભવાતો વિક્ષેપ વગેરે કોઈપણ પરિસ્થિતીમાં હોઈ શકે. મનના અનેક તર્કવિતર્કોમાંથી પણ સ્વ ના અસ્તિત્વને હિતકારી વિચારોના પરિબળોના કેન્દ્ર સ્થાને પારખવું જ સાચું શિક્ષણ છે. ગુરુ શિષ્ય વિદ્યાભ્યાસની પરંપરા આ ભણતર ગણતરની બંને રીતભાતના સમન્વયનું શિક્ષણ હતું.

આ પરિસ્થિતીમાં પુસ્તકીયા જ્ઞાનથી અલગ જેને ગણરીની પરિભાષામાં અનુભવ કહેવાય છે અને અનુભવો પણ કંઈક શિખવાડે છે. જે આપણા સામાજિક જીવનનું એક અભિન્ન અંગ બનતા આપણે અહીં પણ શિખવાની ક્ષણ એટલે શિક્ષણ જ છે. ઠોકર વાગતા જ અનુભવ જાગૃતિ અને માનસિક શારીરિક વ્યથાને જેમસરળ માર્ગે નાખવી તે માટેની પથદર્શક બને છે. જે આપણા સાહજિક અસ્તિત્વની ઉજળી પળો તરફ માર્ગદર્શન કરતાં ઉત્સવ પણ બને છે.

આમ શિક્ષણ પુસ્તકિયું ભણતર અને ઠોકર, અનુભવનું ગણતરવાળું બનતા જીવન જીવવાના પરિબળોથી આનંદિત ક્ષણો પળોનો ઉત્સવ એ જ આપણું અસ્તિત્વ.

- **નલિન બી. ત્રિવેદી**

(મદદનીશ શિક્ષક)

---

**શિક્ષકોને સમર્પિત !!**

વિદ્યાર્થીની હથેળીની રેખામાં શ્રમનું ખેડાણ કરી પરસેવાનું પિયત કરી એ જ હસ્તરેખામાં વિદ્યા નામે સોનું ઉગાડનાર વ્યક્તિ એટલે શિક્ષક. ડૉ. રાધાક્રિષ્ણનને ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં કોઈએ પ્રશ્ન પુછ્યો હતો. સર, 'Station Master' અને 'School Master' માં ફેર શું ?

તેમણે સુંદર જવાબ આપ્યો... 'Station Master minds the train' & 'School Master Trains the mind.'

Servepalli Radhakrishnan was born on September 5, 1888, in Thiruttani, madras Presidency, British India (Now in Tamilnadu, india) His birthday is observe as Teachers Day across the country.

- **વનિતાબેન પટેલ** (મદદનીશ શિક્ષક-વિનયમંદિર)

## શિક્ષક વિભાગ

### સોટી

'સોટી વાગે સમ-સમ વિદ્યા આવે ધમ-ધમ...'

આ વાક્ય બહુ જ નાના હતાં ત્યારથી અમે સાંભળતા આવ્યા. આ સોટી જ બધા વિદ્યાર્થીને ઉત્તમ કક્ષાના બનાવી આપે છે. પણ આ સોટી કોના હાથમાં છે તે બહું અગત્યનું છે.

એક શિક્ષક સાધારણ નથી હોતો. આ વાક્ય ચાણક્યના આત્માનો અવાજ છે. મૂળ અહીં 'શિક્ષક દિન'ની થોડી વાત કરીએ કે જે આપણા આઝાદ ભારત દેશના ડૉ. સર્વપલ્લી રાધાક્રિશ્નનની યાદમાં શિક્ષક દિન ઉજવવામાં આવે છે.

એક આદર્શ શિક્ષકને આપણે કેટલું સન્માન આપીએ છીએ. તેનું પ્રમાણ એવું કે ૧૦૦ શિક્ષક બરાબર એક માતા. અહીં સંતાનની કેળવણી માતાજી શરૂ કરીને શિક્ષકના હાથે પુરી થાય છે.

માતાથી છુટું પડીને તે બાલમંદિરમાં બીજી માતા તેને હાથ પકડીને હેતપૂર્વક એકડો, કક્કો, બારખડી તો ઠીક પણ જાણે આખી દુનિયાની એ બી સી ડી શીખવાડવાની ધગશ રાખે છે. જેમ સંતાનને ઘરેથી હેત મળે તેમ તે બાલમંદિરથી હેત મેળવે છે તેને ત્યાં જ રહેવું ગમે છે.

સંતાન મોટુ થઈને આગળના વર્ગમાં જાય છે તેમ અઘરા તાસ આવે અને પાછી મુંઝવણ અનુભવે, અટવાય પણ ત્યાં બીજી માતા (શિક્ષક) રમત રમતમાં ગણિત, વિજ્ઞાન અને બીજા વિષયો સરળતા શીખવાડે. આવી રીતે બાળક શાળામાં રમત રમતા સંતાન મોટા થઈ જાય પણ આની પાછળ જો કોઈનો મોટો હાથ હોય તો તે શાળાના શિક્ષકનો છે.

દેશ જો મહાન બને તો તે દેશનો પાયો એટલે - બાલમંદિરના અને પ્રાથમિક શાળામાં ભણાવતા શિક્ષકના ફાળે જાય છે. શિક્ષક દરેક બાળકને સમાન ગણી એક સરખું જ્ઞાન પીરસે છે. પોતાના બાળકોથી પણ વધુ પ્રેમ આપી તેમનામાં જ્ઞાનું સિંચન કરે છે.અહીં વિષાદ એ વાતનો છે કે આજના દિવસે દુઃખ સાથે કહેવું પડે છે કે હાલના સમયમાં તેવા શિક્ષકને જેટલું માન મળવું જોઈએ તે મળી શકતું નથી કે આપી શકતા નથી. અહીં શિક્ષકદિને કોઈ નવી વાત નથી કરવી પણ મને મારી શાળાના એ દિવસો યાદ આવે છે ત્યારે આજે એવું અનુભવું છું કે તેવા શિક્ષકને લીધી હું કાંઈ પણ છું અને સક્ષમછું તે તેમના પ્રતાપે છું. બાકી મારા ગુજરાતી વિષય પ્રત્યેની ઉણપ જે હતી તે સોટીએ જ પૂરી કરી છે.

મારા અનુભવથી અને આત્મીય રીતે કહેવાનું ઘટે કે દરેક શિક્ષક મહાન છે, તેવું જ્યારે બધા કહેશે ત્યારે જ સાચું સન્માન મળ્યું કહેવાશે. બાકી શિક્ષક દિનને ઉજવવાથી પેલા બુકે જેવું લાગે. સવારે લીલાછમ અને સાંજે કરમાયેલા ફૂલ જે કોઈ ખૂણામાં પડ્યા હોય. માટે શિક્ષક હંમેશા તાજા અને પ્રેમાળ અને પ્રેરણા આપે તેવા હોવા જોઈએ અને તેમનામાંથી જ્ઞાન લેતા રહેવું જોઈએ. અસ્તુ !!!

**- નલિન બી. ત્રિવેદી** (મદદનીશ શિક્ષક)

---

## વિદ્યાર્થી વિભાગ

### એક્ઝામ સોન્ગ

એક્ઝામ આતે હૈ, સિર ચકરાતે હૈ,
જો ક્વેશ્ચન આતે હૈ, હમે ના આતે હૈ,
ફિર અંડે આતે હૈ, હમહકલાતે હૈ,
ફિર ઘર જાતે હૈ, મમ્મી કો બતાતે હૈ,
મમ્મી કો ગુસ્સા આતા હૈ, ફિલ બેલન લાતી હૈ,
હમે મારતી હૈ, ફિર રુલાતી હૈ,
હમે રોતે હૈ, ફિર ઉદાસ હોતે હૈ,
ફિર હમે મનાતી હૈ, હમ ના માનતે હૈ,
ફિર હમે હસાતી હૈ, હમ માન જાતે હૈ,
ફિર રાત કો પાપા આતે હૈ, પાપા કો બતાતે હૈ,
પાપા ડાંટતે હૈ, હમ રોતે હૈ
ફિર હમસો જાતે હૈ, સુબહ પાપા આતે હૈ,
હમે મનાતે હૈ, લેકિન હમ ના માનતે હૈ,
ફિર રાત કો ચોકલેટ લાતે હૈ, વો હમે દેતે હૈ,
હમ માન જાતે હૈ, ફિર ચોકલેટ ખાતે હે,
અગલે દિન ભૈયા કો બતાતે હૈ, વો હમે સમજાતે હૈ,
ફિર પઢાતે હૈ, હમ ઉનકે સાથ પઢતે હૈ,
દિન-રાત બિત જાતે હૈ, ફિર હમસ્કુલ જાતે હૈ,
સ્કુલમેં પઢતે હૈ, સબ સમજતૈ હૈ,
ફિર એક્ઝામ આતે હૈ, અચ્છે માર્કસ લાતે હૈ,
મમ્મી, પપ્પા ઔર ભૈયાકો બતાતે હૈ, સબ ખુશ હો જાતે હૈ....

**-દક્ષિણી રીધ્ધી સહદેવભાઈ** (ધો.૪-શિશુમંદિર)

# શિશુમંદિર વિભાગ

વર્ષ ૨૦૨૩-૨૪માં શાળાકીય મંત્રી મંડળની ચુંટણીનું આયોજન કરવામાં આવ્યું જેમાં શાળાના શિક્ષકમિત્રો તેમજ વિદ્યાર્થીમિત્રો ઉત્સાહપૂર્વક ભાગ લીધો. તેમાં વિજયી થયેલા વિદ્યાર્થીઓને શિક્ષકો દ્વારા તેમની કામગીરી અંગે સૂચનો કરવામાં આવ્યા તથા તેમને શાળાકીય પ્રવૃત્તિ, સાંસ્કૃતિક કાર્યક્રમ, શિસ્તનું મહત્વ વગેરેની માહિતીથી વાકેફ કરાવ્યા.

આ ઉપરાંત શાળામાં જૂની પરંપરાગત મુજબ ચાલતી ગ્રુપ નેતાઓની વરણી પણ કરવામાં આવી. જેનાથી વિદ્યાર્થીઓને પોતાની જવાબદારી લઈ શકવાની ક્ષમતા કેળવી અને તેમનામાં શિસ્ત, શાલીનતા જેવા ગુણોના વિકાસ કરવાની તક મળી.

**ભાઈઓ :**

મહામંત્રી : પ્રજાપતિ વીર વિજયભાઈ

ઉપમંત્રી : બાગુલ હેત નિતીનભાઈ

**બહેનો :**

મહામંત્રી : રામી અનેરી

ઉપમંત્રી : ચૌહાણ વિશ્વા પ્રકાશભાઈ

**મેઘનાદ :**

બહેનો :

૧. પરમાર ફોરમદિપકભાઈ (૫-બ)
૨. મિસ્ત્રી કવિશા જીગ્નેશભાઈ (૫-અ)
૩. લાખાણી કેશર કૌશિકભાઈ (૭-અ)
૪. શાહ પલ જયપાલભાઈ (૭-બ)

ભાઈઓ :

૧. નગવાડિયા નૈતિક પ્રકાશભાઈ (૮-અ)
૨. બાગુલ હેત નિતીનભાઈ (૮-બ)
૩. પ્રજાપતિ રિશી હિતેશભાઈ (૭-બ)

**ધવલગીરી :**

બહેનો :

૧. દાફડા દિપીકા નરેશભાઈ (૮-બ)
૨. વઘેરા માહી ધીરૂભાઈ (૮-બ)
૩. લોધા જીનલ મહેશભાઈ (૭-અ)
૪. શેલાર તૃષા કેનીભાઈ (૭-બ)

ભાઈઓ :

૧. ત્રિવેદી દક્ષ ભાવિકભાઈ (૮-અ)
૨. પરમાર ધ્રુમીન જતીનકુમાર (૮-બ)
૩. સાગઠીયા સાર્થક જયંતિભાઈ (૭-અ)

**ગંગોત્રી :**

બહેનો :

૧. મકવાણા જીયા વિનોદકુમાર (૮-બ)
૨. વાઘેલા ધ્રુવી રમેશભાઈ (૮-અ)
૩. પટેલ જન્યા પરેશકુમાર (૭-અ)
૪. જોષી કુલીશા વિમલભાઈ (૭-બ)

ભાઈઓ

૧. ટાંક જય પરેશભાઈ (૮-અ)
૨. રાઠોડ નૈતિક સુરેશભાઈ (૮-બ)
૩. ચૌહાણ રૂદ્ર પ્રિવેશભાઈ (૭-બ)

**રત્નદીપ :**

બહેનો :

૧. મિસ્ત્રી સારીકા જીગ્નેશભાઈ (૫-બ)
૨. સોનવણે હલક વિશાલભાઈ (૫-બ)
૩. ઘાંચી યશ્વી ભીમાભાઈ (૭-અ)
૪. કાછીયા જીનલ હિતેશકુમાર (૭-બ)

ભાઈઓ :

૧. ત્રિવેદી મહર્ષિ દર્શનકુમાર (૮-બ)
૨. રાંદેલિયા વેદ અભિષેકભઈ (૮-અ)
૩. શાહ કલ્પ નિલેષભાઈ (૭-અ)

**તા.૩-૭-૨૦૨૩**


આપણી શાળામાં દર વર્ષે અનેક પ્રવૃત્તિ તથા વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવે છે જેમાંથી એક છે મહેંદી હરીફાઈ. આ વર્ષે પણ મહેંદી હરિફાઈમાં શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપુર્વક ભાગ લીધો અને પોતાનામાં રહેલી કલાને ખૂબ સરસ રીતે પ્રદર્શિત કરી. વિજેતા થયેલ વિદ્યાર્થીઓને સર્ટિફીકેટ આપી તેમની કલાને બિરદાવવામાં આવી.

**વિજેતા :**

૧. પરમાર ફોરમદિપકભાઈ (૮-બ)
૨. ચૌહાણ વિશ્વા પ્રકાશભાઈ (૮-અ)
૩. દરજી ઉર્વિ રજનીકાન્ત (૮-બ)
૩. દાફડા દિપીકા નરેશભાઈ (૮-બ)

## ભૂતપૂર્વ વિદ્યાર્થી વિભાગ

# એક પિતાનું મુલ્ય કેટલું આંકી શકાય ?



ડૉ. પ્રશાંત ભીમાણી

આશરે એકાદ વર્ષ પછી રાજન અને શ્રેયા પોતાની સાત વર્ષની દિકરી સમાયરાને લઈને શહેરની બહાર ફરવા નીકળ્યા હતાં. આશરે ચાર-પાંચ કલાકની ડ્રાઈવ પછી હોટલ પર પહોંચી ગયા. રાજન રીસેપ્શન પર ચેક-ઈન કરીને તરત રૂમમાં જઈને પલંગ ઉપર લાંબો થઈ ગયો. આમ તો એ જાગતો જ હતો. પણ પોતાના મોબાઈલમાં બિઝી હતો. સમાયરાને ભૂખ લાગી હતી. પાસ્તા ઓર્ડર કરવા માટે એ પપ્પાને છેલ્લા અડધો કલાકથી કહી રહી હતી.

'અરે યાર, દિકરીની વાત પર થોડું તો ધ્યાન આપ. શુભ? 'તારા મોબાઈલને સાઈડમાં મુકીને એને સાંભળ. તારે ખાલી રેસ્ટોરન્ટમાં ઓર્ડર જ કરવાનો છે. એટલું પણ તું નહીં કરે ? અહીંયા પણ મારે તો બ્રેક જ નહી. એવું ને ! હું સિંગલ પેરન્ટ જ છું, એવું મારા મનમાં કન્ફર્મ થતું જાય છે. મને તો લાગે છે કે તારે મેરેજ કરવાની જરૂર નહોતી. એટલીસ્ટ વેકેશનમાં તો દિકરી પર ધ્યાન આપ ? શ્રેયાનો પારો વધતો જતો હતો.

"દેખાતું નથી, હું રેસ્ટ કરી રહ્યો છું. તું સમાયરાના દેખતા મારા પર બ્લેમના કર, દરેક વખતે મને જ વિલન બનાવે છે, તારૂ કામએનું ધ્યાન રાખવાનું છે, તો તું જ એટેન્ડ કરે એમાં ખોટું શું છે ? "રાજન અકળાઈ ગયો.

એ તો આજકાલ બધા જાણે છે કે, બાળકની સંભાળ બંને માતા-પિતાએ રાખવી જરૂરી છે. તો પણ આવું શક્ય બનતું નથી.ઘણા પિતાઓ આખા અઠવાડિયા દરમ્યાન એટલા બધા વ્યસ્ત હોય છે કે સવારે બાળક ઉઠે તે પહેલા કામે જતા રહ્યા હોય અને મોડી રાત્રે બાળક સુઈ જાય પછી કામેથી પાછા ફરી શકતા હોય, આધુનિક ઉંદર-દોડના આ જમાનામાં આવું થવું સામાન્ય છે. દરેક વખતે પપ્પાઓનો જ વાંક હોય એવું પણ નથી. પરંતુ જે વખતે શક્ય હોય ત્યારે તો પિતાના એવા પ્રયત્નો હોવા જ જોઈએ કે એ બાળક સાથે વધુ સમય ગાળે. અલબત્ત, સમગ્ર પરિવાર સાથે ક્વોલિટી ટાઈમપસાર કરવો એ પિતાના પોતાના માટે પણ સ્ટ્રેસ-બસ્ટર હોય છે. કેટલાક પિતાઓ માત્ર રમત-ગમત માટે કે આનંદ કરવા પુરતા જ બાળકો સાથે સંકળાય છે. મનોવિજ્ઞાન આ વિશે રસપ્રદ વાત કરે છે.

'જર્નલ ઓફ ફેમિલી સાયકોલોજી'માં પ્રકાશિત થયેલ એક અભ્યાસ પ્રમાણે જે પિતા પોતાના રૂટિન દિવસો દરમ્યાન બાળકની સારસંભાઈ (જેમકે રમવા ઉપરાંત એને બ્રશ કરાવવું, સ્નાન કરાવવું, હોમવર્કમાં હળવી મદદ કરવી વગેરે...) રાખે છે. તેમનો પોતાના સંતાન સાથે લાગણીનો સંબંધ વધુ મજબૂત થાય છે. માત્ર રમત-ગમતમાં જોડાવા કરતા આ પ્રકારની સાર-સંભાળ વાળા કામમાં ઈન્વોલ્વ થતા પિતાઓમાં સંતાન સાથે 'અટેચમેન્ટ સિક્યોરિટી' વધુ સારી રીતે ઉભી કરી શકે છે. સંતાન આવા પિતાઓમાં એક વિશ્વસનિય ઈમોશનલ સપોર્ટ મેળવે છે. ટૂંકમાં અઠવાડિયાના ચાલુ દિવસોએ જો શક્ય હોય તો રોજીંદા કામમાં સંતાન માટે ઈન્વોલ્વ થતા પિતા અને રજાઓના દિવસે રમત-ગમતમાં ઈન્વોલ્વ થતા પિતા સંતાનમાં મોટા ઉંમરે ભાવનાત્મક સજ્જતા લાવે છે. જેમાં પત્ની સાથેની નિકટતા વધવાથી પણ ચોક્કસ ફાયદા હોય છે. સમગ્ર પરિવારનું ઈમોશનલ બોન્ડિંગ વધે છે અને ભવિષ્યની સારી નરસી બાબતો માટે સૌ સુપેરે તૈયાર થાય છે. સંતાનને નિર્ભય અને ઈમોશનલી ઈન્ટેલીજન્ટ બનાવવામાં તેમજ અટેચમેન્ટ બનાવવામાં તેમજ અટેચમેન્ટ સિક્યોરિટી વધારવામાં પપ્પાઓનો ફાળો ઘણો મોટો હોય છે. ફાધર સિક્યોરીટીનું એક મજબૂત પ્રતિક છે. નાનપણથી પોતાના પપ્પાને સંતાઓ આદર્શ માનતા હોય છે.

અલબત્ત, ઉછેરની પ્રક્રિયામાં પિતાનો ફાળો અવગણી શકાય એવો નથી રહ્યો. એક જમાનો હતો જ્યારે બાળ-ઉછેરની જવાબદારી માત્ર મમ્મીના માથે હતી. પણ, હવે સંયુક્તમાંથી વિભક્ત બનેલા કુટુંબોમાં આ જવાબદારી શેર કરવાની ઘટના બદલાઈ રહી છે. પહેલાના જમાનામાં નાના બાળક ઉપર જો ઘરના માતા-પિતા સરખું ધ્યાન ના આપી શકે તો કાકા-કાકી, દાદા-દાદી એ જવાબદારી ઓટોમેટીકલી સંભાળી લેતા હતાં. જોકે એ વખતે બાળકોની સંખ્યા બે કે તેથી વધુ રહેતી. પણ, હવે મોટાભાગના શહેરી યુગલોને એક જ સંતાન હોય તેવા કિસ્સા ખૂબ જોવા મળે છે અને એ સંતાન ઉપર માતા-પિતા બંનેનું ધ્યાન લગભગ એકસરખું હોય તે ઈચ્છનીય છે. જો મમ્મી કામપર જતી હોય તો બાળકના બીજા ઘણા બધાં પપ્પા સંભાળી લે તે હવે રૂટીન બનતું જાય છે. પિતાનું વહાલ કે દરકાર એટલી બધી લોકોના ધ્યાનમાં આવતી નથી. પણ, એક પિતા પોતે કઈ-કઈ બાબતોનો ભાગ આપીને પોતાના પરિવારને પ્રાયોરીટી આપે છે તે સમજવું આજના સંજોગોમાં અનિવાર્ય છે. વુમન્સ-ડે કે મધર્સ-ડે પર સ્ત્રીના ત્યાગ અને ભોગની વાતો, વક્તવ્યો કે મોબાઈલ મેસેજીસનો ધોધ વહેવા લાગે છે. જો કે એ મારી વાત છે કે, માતાની ભૂમિકાને ભગવાનને સમકક્ષ મુકવામાં આવી છે. પરંતુ, પિતાનું મૂલ્ય એક ટકો પણ ઓછું આંકી શકાય તેવું નથી. કોઈપણ પુરુષ કે પિતા બહુ સહજતાથી

## ભૂતપૂર્વ વિદ્યાર્થી વિભાગ

પોતાની જવાબદારીઓ નિભાવે જાય છે. લગ્નજીવનની જરૂરીયાતો, માતા-પિતાની જરૂરીયાતો, સંતાની આર્થિક અને સામાજીક જવાબદારીઓ વચ્ચે એક જવાબદાર પિતાનું જીવન ફંગોળાયા કરતું હોય છે. એના મનની વાત ક્યારેય મથાળે આવતી નથી. હવેના ઈક્વલ જેન્ડરના જમાનામાં એક પિતાનું મુલ્ય પણ સરખું જ આંકવામાં આવે તે અત્યંત જરૂરી છે. ગમે તે હોય પણ આજની તારીખે પણ મોટા ભાગના પિતાઓ છેવટની આર્થિક જવાબદારીઓ ઉપાડતા જ જોવા મળે છે અને એ કરતી વખતે પોતાના ગુણગાન ગાનારા બહુ ઓછા પુરુષો જવા મળશે. જેમ નાનપણથી જ એક પુરુષથી રડાય નહીં અથવા લાગણી અભિવ્યક્ત કરાય નહીં તેવી છાપ નાના છોકરાના મનમાં મુકવામાં આવે છે. બરાબર તે જ રીતે આર્થિક અને કૌટુંબિક જવાબદારીની પાઘડીનો છેડો છેલ્લે એક જવાબદાર પિતાના શીરે જ બંધાય છે. હવેનો સમય આ પાઘડીનું સન્માન કરવાનો છે, પિતાઓએ પણ ઘરની માવજત કરવામાં જે ભોગ આપ્યો હોય તેની કદર કરવાનો છે. નાની-નાની સહજ અને ઈમોશનલ વાતોને સર્વસ્વ માની લેતી કેટલીક સ્ત્રીઓએ પુરુષના આ મુક જવાબદારીના પાસાને અવગણવા જેવું નથી. જ્યારે પતિ કોઈ મહત્વની કામગીરી કરે ત્યારે જ બાળકને એ વિશે જણાવવું અને એપ્રીશીયેટ કરવા કહેવું તેના બદલે રોજરોજના કામને પણ બાળકો રીસ્પેક્ટ આપતા થાય તે જોવાની જવાબદારી મમ્મીની પણ બને છે. જાહેરમાં પપ્પાનું અપમાન ન થાય તે પણ શિક્ષણ આપવું જરૂરી હોય છે.

આપણે ત્યારં આધુનિકતાની અપેક્ષા અને દોડ માત્ર ફેશન પુરતી મર્યાદિત થઈ જાય છે. પતિ-પત્નિમાં જ્યારે આ આધુનિક્તા જવાબદારી વહેંચવાની ઘટના સાથે સંકળાય છે ત્યારે એક સશક્ત આધુનિક પરિવાર અસ્તિત્વમાં આવે છે. સંતુલિત લાગણીઓના દુકાળના સમયમાં આવી ‘પ્રેમપુર્વક જોડાયેલી સલામતી’ ભવિષ્યની પેઢીમાં મજબૂત મનદુરસ્તી ઉભી કરે છે. ‘આ મારૂ કામનથી’ અને ‘એ તો તારૂ જ કામછે’ એવું પરિવારમાં કે બાળ-ઉછેરમાં લાગુ પાડવાનું, હવે ‘આઉટ ઓફ ડેટ’ થતું જાય છે. ફાધર્સ ડેની ઉજવણી માત્ર વોટ્સએપ મેસેજ દ્વારા ડીજીટલ રીતે કરાય તો એ એક પુરુષના ગૌરવની મજાક માત્ર બનીની રહી જશે. ઘરની સ્ત્રીએ પોતાના પતિનું અને બાળકોએ પોતાના પિતાનું સન્માન અને ગૌરવ આ બંને જાળવવા પડશે. સંશોધનો એવું કહે છે કે પુરુષો સૌથી વધુ હાર્ટએટેકનો ભોગ બને છે. કારણકે, એમના હાર્ટને બધા યોગ્ય રીતે સમજી શકતા નથી. મતલબ, એ પોતાની ઈમોશન્સ અને સ્ટ્રેસ મનમાં જ ધરબી રાખે છે. એટલેકે ચિંતાને દૂર કરવા ક્યારેક વ્યસનો પર ચડી જાય છે અને છેલ્લે આવી ગંભીર બિમારીઓનો ભોગ બને છે. જો એક પિતા એવી અપેક્ષા રાખવામાં આવે કે એ સંતાનોની બધી જ જવાબદારીઓ પૂરી કરે તો પછી સંતાનોની એ ફરજ બને છે કે પોતાના પિતાને નજીકથી સમજે અને એનું સન્માન કરે. શુ કહો છો?

**વિનીંગ સ્ટ્રોક :**

જો સમાનતાની આધુનિક વાતો આપણે કરતાં હોઈએ તો હવે એવો જમાનો છે કે પિતાને પણ માતાની સમકક્ષ મુકવો પડશે. હજુ સુધી કોઈ એવું કેલ્યુલેટર કે ચેટ-જીપીટી શોધાયું નથી કે જે પિતાનું મુલ્ય આંકી શકે.

**- ડૉ. પ્રશાંત ભીમાણી**
સિનીયર કન્સલ્ટન્ટ સાયકોલોજીસ્ટ

## શાળાની સોશીયલ મિડીયા લીન્ક્સ

| | |
|---|---|
| **Instagram** | https://www.instagram.com/shardamandir_official/ |
| **Facebook** | https://www.facebook.com/ShardamandirAhmedabad/ |
| **WhatsApp Channel** | https://whatsapp.com/channel/0029Va6G4JPAe5Vovm484u1z |
| **YouTube** | https://www.youtube.com/@shardamandirahmedabad |
| **Announcements** | https://shardamandir.net/announcement/ |

## જાણવા જેવું

**આધ્યાત્મિક જ્ઞાન**

- શ્રી રામચંદ્ર ભગવાનનાં બહેનનું નામ : શાન્તા
- શ્રી કૃષ્ણ ભગવાનના સારથીનું નામ : સાત્યકિ
- બૌધ્ધ ધર્મના ધર્મગ્રંથનું નામ : ત્રિપિટક
- 'સત્યમેવ જયતે' સૂત્ર - 'મુડંકોપનિષદ'માંથી
- શબરીનું સાચુ નામઃ શ્રમણા

**આપણું ગુજરાત**

- ગુજરાતની પ્રથમ ઉત્તર બુનિયાદી શાળા કોણે શરૂ કરી હતી ? - બબલભાઈ મહેતા
- લીલી પરીક્રમાનો મેળો ગુજરાતમાં ક્યાં ભરાય છે ? - ગિરનાર પર્વતની તળેટીમાં
- ગુજરાતમાં સદાવ્રતના સંત તરીકે કોણ પ્રખ્યાત છે ? - જલારામબાપા
- દુનિયાનું સૌથી મોટુ ક્ષારીય રણ ક્યાં આવેલું છે ? - કચ્છ
- ગુજરાતમાં સૌપ્રથમ પ્લેનેટોરિયમક્યાં સ્થપાયું છે ? - સુરત
- ગુજરાતના પ્રથમ ભૌતિક વિજ્ઞાની કોણ હતાં ? - ડૉ. વિક્રમસારાભાઈ
- ગુજરાતનું સૌપ્રથમ સૌર ઉર્જા ગામકયું છે ? - ખાંડિયા
- ગુજરાતમાં સૌથી વધુ મંદિરો ધરાવતું શહેર કયું છે ? - પાલીતાણા
- ભારતનું સૌપ્રથમ દરિયાઈ ઉદ્યાન કયું છે ? - જામનગર દરિયાઈ રાષ્ટ્રીય ઉદ્યાન
- દૂધ ઉત્પાદન ક્ષેત્રે ભારતમાં પ્રથમસ્થાન ધરાવતું રાજ્ય કયું છે ? - ગુજરાત

- **વનિતાબેન પટેલ** (મદદનીશ શિક્ષક-વિનયમંદિર)

---

## વાલીગણ વિભાગ

### બાલમંદિર - આભાર દર્શન

**સુનિલકુમાર મૌર્ય**
**માનવતી મૌર્યા**
સુખીપુરા, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.

તા. ૧૫-૪-૨૦૨૩

પ્રતિ,
પ્રિન્સીપાલ શ્રી,
સુ.શ્રી ક્ષમા મેડમ, સુ.શ્રી શૈલજા મેડમ, સુ.શ્રી પ્રકૃતિ મેડમ

**વિષય : આભાર દર્શન**

જોત જોતામાં બે વર્ષ ક્યાં નીકળી ગયા એ ખબર ના રહી, આપની છત્રછાયામાં અમારી કાવ્યા કોલસાની ખાણમાંથી નીકળેલો પત્થર હતી, અમે તો માત્ર તેને જન્મઆપ્યો હતો, પણ બે વર્ષમં જ્યારે અમે વિચાર્યુ અને ભૂતકાળ સાથે સરખામણી કરી ત્યારે અમને ખબર પડી, કોલસાની ખાણમાંથી નીકળેલા પત્થરને આપ સર્વે એ એક અમૂલ્ય હીરો બનાવી દીધો છે. તેની વાણી, તેનું વર્તન જોવાની દૃષ્ટિ, તેના સંસ્કારમાં અમે એક આમૂલ પરિવર્તન જોયું અને અનુભવ્યું છે. જે સંસ્કાર અને વર્તનમાં પરિવર્તન જોયું

## વાલીગણ વિભાગ

એ પરિવર્તન અમે લાવી ના શક્યા હોત એ આપ સર્વની સુઝ બુઝ શૈક્ષણિક પધ્ધતિ અને દરેક વિદ્યાર્થી પ્રત્યેનો પ્રેમલાગણી અને સંસ્કારનું સિંચન છે.

અમે એ લભગભ પાંચ સાડા પાંચ વર્ષની હશે ત્યારુ અમારા ઘરની દિવાલને અડીને સૂફલામ સ્કુલ આવેલી છે ત્યાં થોડા સમય માટે મુકેલી, સ્કુલમાં મુકવા જતી વખતે એ જે રડતી અને કરગરતી કે મારે સ્કુલમાં નથી જવું અને જ્યાં સુધી એ સ્કુલમાં હોય ત્યાં સુધી રડતીઘ, અમે ચિંતા હતી કે આ દીકરી ભણશે કે નહીં, તે સ્કુલ અને અમારા ઘરની દીવાલ એક જ હતી તેનો રોવાનો અવાજ સાંભળી હૈયુ ભરાઈ જવું. ત્યાં વેકેશન પડી ગયું.

અમારા જીવનમાં એક વડીલ કૌશિકભાઈ વ્યાસ જે લગભગ અત્યારે ૭૯ વર્ષના છે, તેમણે સલાહ આપી કે તમે રહો છો ત્યાં રેલ્વેના પાટા ક્રોસકરી સામે જ શારદામંદિર સ્કુલ છે ત્યાં દાખલ કરાવો, અમે મજુરવર્ગની વ્યક્તિ તો દાદા સાથે આવ્યા, ફોર્મ ભરી ફી ભરી આપી અને જ્યારથી બાલમંદિરમાં એ દાખલ થઈ એ પછી કદી કોઈ કે કકળાટ કર્યો નથી, ત્યાં જે તેની માવજત થઈ એ અમુલ્ય હતી.

જુનિયર કે.જી.ના ટીચર સુ.શ્રી પ્રકૃતિમેડમે સાર સંભાળ રાખી અને જે પ્રેમઅને લાગણી આપ્યા ત્યારથી જાણે નવા સુંદર સંસ્કારોનું ઘડતર ચાલુ થઈ યફ, ઘેર આવે ત્યારે પુછીએ કે તને કોણ ગમે તો કહે મમ્મી પપ્પા દાદા અને પ્રકૃતિ મેડમ. એક વર્ષ પૂર્ણ થયું અને સિનિયર કેજીમાં આવી, અમને લાગ્યું કે એ એક મોટો વળાંક તેના જીવનમાં હતો, સુ.શ્રી શૈલજા મેડમે ૧૫ ઓગસ્ટ, ૨૬ જાન્યુઆરી નો પ્રોગ્રામ હોય કે નવરાત્રીના રાસ ગરબાનો પ્રોગ્રામ હોય જે સંભાળ અને ઘડતર તથા સંસ્કાર સુ.શ્રી શૈલજા મેડમે આપ્યા છે એનું વર્ણન કરીએ તો શબ્દો ટૂંકા પડે, એમણે જે લાગણી અને પ્રેમસાથે શૈક્ષણિક અને કલાક્ષેત્રે જે શિક્ષણ આપ્યું એ અમુલ્ય છે, આ એક કુમળો છોડ છે, જેમવાળો એમવળે, અને આ બાબતમાં સુ.શ્રી શૈલજા મેડમનું યોગદાન અવરણીય અને અમૂલ્ય છે.

એકવાર રવિવારના દિવસે કાવ્યાના મમ્મીને લઈ નજીકમાં પોપટલાલ દાણી બગીચામાં રમાડવા લઈ ગયા હતાં. કાવ્યાને બહુ પ્રેમઅને લાગણીથી કોઈએ બોલાવ, કાવ્યાના મોઢા પર જે આનંદ હતો એ જોઈ તેની મમ્મીને નવાઈ લાગી, મેં પુછયું કોણ છે તો કહે અરે આપ નહીં જાનતી, યે હમારી પ્રિન્સીપાલ ક્ષમા મેડમ હૈ, મેં નમસ્તે કર્યા, તેમની જે લાગણી અને પ્રેમ જોયા ત્યારે કોલસાની ખાણમાંથી નીકળેલા પત્થરને મેં હીરા તરીકે જોયા.

આપ સર્વે શિક્ષકગણ સમાજનું અમુલ્ય અંગ છો, તેમાં પણ શારદામંદિર બાલમંદિરના દરેક શિક્ષિકાઓ જે યોગદાન આપે છે, સંસ્કારોનું સિંચન કરી શ્રેષ્ઠ નાગરીક બનાવવાનું કાર્ય આપ કરી રહ્યા છો.

માત્ર વખાણ કરવા આ પત્ર અમે નથી લખી રહ્યા, પણ અમારા અંતરનો અવાજ અમે રજુ કરી રહ્યા છીએ. અમે માં-બાપ છીએ, શારદામંદિર બાલમંદિરમાં પ્રવેશ બાદ તેનામાં આવેલ આમૂલ પરિવર્તન ને અમે તથા અમારા દાદાજી જોઈ રહ્યા છીએ, એટલે દુઃખ સાથે અમે બાલમંદિર છોડી રહ્યા છીએ, પરંતુ સાથે આનંદ છે કે એ સુંદર સંસ્કારી પ્રતિષ્ઠિત શારદામંદિર સ્કુલને અમે તેને સોંપી રહ્યા છીએ, જ્યાં ગણતર, ઘડતર, સંસ્કાર અને શિક્ષણ અમૂલ્ય મળશે એ અમને પૂર્ણ શ્રધ્ધા અને વિશ્વાસ છે.

ચિ.કાવ્યા તો નાની છે, તેને યાદ રહેશે કે નહીં એ ખબર નથી, પણ જ્યારે એ સમજણી થશે ત્યારે અમે સમગ્ર તેના બાલ્યકાળની યાદો અને તેને યાદ કરાવીશું એનું વચન આપીએ છીએ.

ઘણાને અમે ઓળખતા નથી, પરંતુ સમગ્ર શારદામંદિર બાલમંદિરના સર્વ કર્મચારીના ઋણી રહીશું, સર્વને અમારી સ્નેહસભર યાદ અને ગુરુ કક્ષાએ છો સર્વને હૃદયથી પ્રણામ. ખાસ કરીને ભલે પુનરોક્તિનો દોષ લાગે પરંતુ સુ.શ્રી ક્ષમા મેડમ, સુ.શ્રી શૈલજા મેડમતો હૃદયથી આભાર સહ પ્રણામ.

-આપના ઋણી સુનિલકુમાર મૌર્ય અને માવતી મૌર્યા

## જાણવા જેવું

શારદામંદિર બાલમંદિર તાલીમ વિભાગ ગુજરાતી માધ્યમમાં ભણતા **જોષી મોક્ષભાઈ રોનકભાઈ**ની યાદશક્તિ અને બુધ્ધિચાતુર્ય જોઈ અચરજ પમાડે એવી અનુભુતિ થાય છે. તેની ઉંમર જોતા આટલુ નાનું બાળક દેશ દુનિયાના દરેક સમાચાર વિશે માહિતી આપે છે. શાળામાં આવતા ન્યુઝપેપર સંદેશ, ગુજરાત સમાચાર જેવા દરેક પેપરો સહેલાઈથી વાંચી જાય છે અને સવારે શાળામાં આવી દરેક માહિતી શિક્ષકને આપે છે અને સામાન્ય જ્ઞાનની તો ગજબ સમજ ધરાવે છે. સ્વભાવે ખૂબ જ ચંચળ હોવા છતાં તેની આ ચતુરતા ખરેખર નવાઈ પમાડે છે. શાળામાં ભણતા દરેક બાળકની નામ, અટક સાથેની સંપૂર્ણ વિગત એને ધ્યાનમાં હોય છે. એની આ સમજશક્તિ અને બુધ્ધિ ચતુરાઈ પર ખરેખર અચરજ થાય છે. આ બાળકનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરતા મોટો થઈ ખૂબ આગળ વધશે એવી અનુભુતિ થાય છે.

**-ક્ષમા ત્રિવેદી** (પ્રિન્સીપાલ-બાલમંદિર)

# શારદામંદિર શતાબ્દી વર્ષ ઉજવણી : ગુરૂવંદના

**શતાબ્દી વર્ષ નિમીત્તે શારદામંદિર શાળામાં ઉજવવામાં આવેલ ગુરુવંદનાનો કાર્યક્રમ**

**गुरुर ब्रह्मा गुरुर विष्णु गुरुर देवो महेश्वरः ।**
**गुरुः साक्षात्परब्रह्मा तस्मै श्री गुरुवे नमः ।।**

વિદ્યાર્થી માટે ગુરુ સદાય વંદનીય અને અભિનંદનીય હોય છે. શારદામંદિર શાળાની સ્થાપનાના સો વર્ષમાં અનેક ગુરુઓએ હજાઓ વિદ્યાર્થીઓનું ઘડતર અને ઉછેર કર્યું છે. આજે શારદામંદિરના વિદ્યાર્થીઓ વિશ્વના અનેક સ્થળોએ કાર્યસિદ્ધિના શિખરો સર કરી રહ્યા છે. શાળા જીવનમાં ગુરૂ દ્વારા સિંચવામાં આવેલ સંસ્કાર અને જ્ઞાન પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા શારદામંદિરના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ શિક્ષકદિનના બે દિવસ અગાઉ તા.૩ સપ્ટેમ્બર ૨૦૨૩ને રવિવારના રોજ શાળાના આંગણે 'ગુરૂ વંદના'ના કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

રવિવારની આ ખુશનુમા સવારે આઠ વાગ્યે આમંત્રિત અઢીસોથી વધુ ગુરૂજનો તથા અનેક ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ શાળાના પ્રાંગણમાં આવી પહોંચ્યા હતાં. કાર્યક્રમની શરૂઆત પરંપરાગત રીતે શાળાનો ઘંટ વગાડીને કરવામાં આવી હતી. ઘંટનો ધ્વનિ એ સમયે તમામ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે સ્મૃતિનો સ્મૃતિનો મીઠો રણકાર બની રહ્યો હતો. કાર્યક્રમના પ્રારંભે **શ્રી માલાબેન ગાંધીએ** પ્રખ્યાત સાયકોલોજીસ્ટ અને શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી **ડૉ. શ્રી પ્રશાંતભાઈ ભીમાણીને** કાર્યક્રમનું સંચાલન પોતાના હાથમાં લેવા વિનંતી કરી.

પ્રશાંતભાઈ ભીમાણીએ કાર્યક્રમની શરૂઆત કરતા જણાવ્યું કે સૌ ગુરુજનો એ સન્માનીય ડૉ.શ્રી સર્વપલ્લી રાધાકૃષ્ણનની પ્રતિકૃતિઓ છે. શાળાની પરંપરા અનુસાર કાર્યક્રમની વિધિવત શરૂઆત પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થિની **ડૉ. પૂર્વીબેન શાહ** અને **તોરલબેન શેઠ** દ્વારા 'યા કુંદે...' અને 'ગુરુર બ્રહ્મા.....' શ્લોકની સ્વરમય રજુઆત દ્વારા સમગ્ર વાતાવરણને પવિત્ર બનાવામાં આવ્યું હતું. ત્યારબાદ તેઓએ 'હે શારદે માં...' અને સર્વધર્મ પ્રાર્થના 'ઓમ તત્ સત્ શ્રી નારાયણ તું....'ની ભાવવહી રજુઆત કરી.

કાર્યક્રમને આગળ વધારતા શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી તથા પ્રસિદ્ધ ગાયક અને સંગીતકાર એવા **શ્રી અમરભાઈ ભટ્ટે** કવિશ્રી મનુભાઈ ત્રિવેદી 'શરોદ'દ્વારા લિખિત 'અમને ગુરુ મળ્યા છે ગરવા....' ગુરૂવંદનાની પ્રસ્તુતિ કરી સૌ શ્રોતાઓને સંગીતમાં રસતરબોળ કર્યા.

કાર્યક્રમના આયોજનની જવાબદારી જેમણે સુપેરે પોતાના શીરે લીધી હતી તેવા શ્રી માલાબેન ગાંધીએ ત્યારપછી સૌ ગુરુજનો અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું શબ્દોથી સ્વાગત કર્યું અને બાલમંદિરમાં પીવડાવવામાં આવતા 'લીમડાના રસ', 'પ્રગતિ નોંધ', તાલીમમાંથી પહેલા ધોરણમાં જતા સમયનું 'ફેરવેલ' 'શાળાના તોફાનો', 'શાળાના પ્રવાસો' સમાનતાની ભાવના વગેરે પ્રસંગોની સ્મૃતિ સૌ સાથે વાગોળી.

ત્યારબાદ **શ્રી રોનકભાઈ શોધને** સ્વરચિત કાવ્યાત્મક ભાષામાં ગુરુજનો પ્રત્યે સન્માન અને કૃતજ્ઞતા વ્યક્ત કરતું સુંદર વક્તવય રજુ કર્યું અને કાવ્યકંકુથી ગુરૂજનોને તિલક કર્યું. આ પ્રસંગે શ્રી પ્રશાંતભાઈ ભીમાણીએ ત્રેવીસ ઓગસ્ટના રોજ શાળાના સોમાં વર્ષમાં પ્રવેશ અને તે જ દિવસે ભારતના ચંદ્રયાન મિશન વચ્ચેના સામંજસ્યને રજૂ કરતા કહ્યું કે વિદ્યાર્થીઓને જીવનની સફરમાં તૈયાર કરીને વિશ્વ ફલક પર સોફટ લેન્ડીંગ શીખવવાનું કપરું કાર્ય આપણી શાળામાં છેલ્લા સો વર્ષથી આ શિક્ષકો દ્વારા કરવામાં આવે છે.

કાર્યક્રમને આગળ ધપાવતા શાળાના પૂર્વ આચાર્યો **શ્રી વજુભાઈ, શ્રી દિનુભાઈ, શ્રીમતી જ્યોત્સનાબેન શોધન, શ્રીમતી ઉર્મિલાબેન શાહ અને હાલના આચાર્ય શ્રી વિજયભાઈ રાવલ**નું બહુમાન કરવામાં આવ્યું. સૌ શ્રોતાજનો દ્વારા તાલીઓના ગડગડાટ સાથે આ સન્માનને વધાવવામાં આવ્યું. ત્યારપછી લગભગ અઢીસોથી વધુ શિક્ષકોના નામ મંચ પરથી નામરજૂ કરવામાં આવ્યા અને તમામશિક્ષકોને શાલ આપીને તેમનું બહુમાન કરવામાં આવ્યું અને શાળા સમય દરમ્યાન સતત અને ખડેપગે સેવા આપતા સેવક વર્ગને કેભ ભૂલાય ? શારદામંદિરના સૌ સેવકોને પણ મંચ પાસે બોલાવી સૌનું સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અંતે સૌ ગુરુજનો, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને તમામ આમંત્રિત મહેમાનોએ એકબીજા સાથે પોતાના શાળા સમયની સ્મૃતિઓ વાગોળતા અલ્પાહારની મજા માણી અને ગુરુવંદનાના અભૂતપૂર્વ કાર્યક્રમની મીઠી યાદો લઈ ફરી મળવાના કોલ આપી સૌ એકમેકથી છુટા પડ્યાં.

**- અહેવાલ : સાકેત દવે (ભૂતપૂર્વ વિદ્યાર્થી -બેચ ૧૯૯૨)**
**સહયોગ : ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, બેચ -૧૯૮૭, ૧૯૮૮, ૧૯૮૯ તથા સી.સી.ગાંધી પરિવાર તથા મિત્રો**

# શેરી ગરબા

**શારદામંદિર કાર્યક્રમ અંતર્ગત - શેરી ગરબા (તા. ૧૨ ઓકટોબર ૨૦૨૩)**

અમદાવાદની સૌથી જૂની અને પ્રતિષ્ઠિત શાળાઓ પૈકીની એક, શારદામંદિર, આ વર્ષે તેની ૧૦૦મી વર્ષગાંઠ ઉજવી રહી છે. આ સુવર્ણ સફરની ઉજવણીના ભાગરૂપે શાળા અને તેના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ સાથે મળીને વર્ષ દરમિયાન વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કર્યું છે.

શતાબ્દી મહોત્સવના ભાગરૂપે, તા. ૧૨મી ઓક્ટોબરના રોજ ગુજરાતના સૌથી પ્રિય તહેવારો પૈકીના એક એવા નવરાત્રીની ઉજવણી માટે વિવિધ વર્ષોની બેચના વિદ્યાર્થીઓના સ્નેહસંમેલન-ગેટ ટુ ગેધર સાથે, સાંસ્કૃતિક કાર્યક્રમ અંતર્ગત ભવ્ય 'શેરી ગરબા' નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૨૦૦૦થી વધુ લોકોએ ખૂબ ઉત્સાહપુર્વક ભાગ લીધો હતો. જેમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, પ્રતિષ્ઠિત મહેમાનો, ટ્રસ્ટીઓ અને મેનેજમેન્ટના સભ્યો, શાળાના શિક્ષકો, સ્ટાફ અને સૌ પરિવારજનો સામેલ હતાં.

આ ઈવેન્ટને સફળ બનાવવામાં શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું મહત્વપુર્ણ યોગદાન રહ્યું અને જેથી ઉજવણીમાં ચાર ચાંદ લાગી ગયા - જેમકે **સ્પોન્સર્સ ફયુજી સિલ્વરટેક અને એકસેલન્ટ પબ્લિસીટી**, બંને કંપની શારદામંદિર વિનયમંદિરના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની માલિકીની છે. પ્રતિષ્ઠિત **વાઘ બકરી ટી ગ્રુપ** દ્વારા સહુને કોમ્પ્લિમેન્ટરી ચા અને કોફી આપવામાં આવ્યા હતાં. વાઘબકરી ગ્રુપ પરિવારમાંથી પણ સદસ્યો શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી રહી ચુક્યા છે. અન્ય સ્ટોલ્સ દ્વારા સહયોગ આપનાર **વાડીલાલ ગ્રુપ** તથા શાળાની થીમ ઉભી કરનાર **ગૌતમભાઈ ગાંધી પરિવાર**, તેમજ વિવિધ કેટેગરીમાં ઈનામો આપવા માટેના **ગિફટીંગ પાર્ટનર્સ વાઘ-બકરી, જહાનઆરા ફેશન સ્ટુડિયો, આર.બી.શાહ એન્ટરપ્રાઈઝ, Poe Tree, ટ્રાવેલ વર્લ્ડ** આ સૌ પણ ભૂતપૂર્વ વિદ્યાર્થી હતાં.

શેરી ગરબાની રમઝટ ભૂતપૂર્વ વિદ્યાર્થી **સંજય ઓઝા** અને તેમની ટીમ દ્વારા આપવામાં આવી હતી, જ્યારે ઈવેન્ટનું સંચાલન પ્રખ્યાત **આર.જે પૂજા** દ્વારા કરવામાં આવ્યું હતું. જે પણ શારદામંદિર જ ભણી ચૂકી છે. જાણીતા ગુજરાતી મુવી સ્ટાર **યશ સોની** અને રેડિયો મીરચીમાંથી **આર.જે. મીત** પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતાં. જેઓ બંને પણ શારદામંદિર વિનયમંદિરના વિદ્યાર્થી રહી ચૂક્યા છે.

આ યાદગાર પ્રસંગનું આયોજન જીવરાજપાર્ક ખાતે આપેલા **અમન-આકાશ પાર્ટી પ્લોટ**માં કરવામાં આવ્યું હતું. અમન-આકાશના માલિક **હેમેશભાઈ (મુન્નાભાઈ)** પણ શાળાના જ ભૂતપૂર્વ વિદ્યાર્થી છે. આ ગરબા ઈવેન્ટ વિદ્યાર્થીઓ માટે એક ઈમોશનલ રીયુનિયન સમાન હતી. જ્યાં તેમને પોતાના બાળપણના મિત્રો અને શિક્ષકો સાથે જૂની યાદો તાજી કરવાનો, પોતાના ક્લાસ રૂમને ફરી નિહાળવાનો અને પ્રાર્થના મંદિરમાં પ્રાર્થના કરવાનો અનેરો અવસર પ્રાપ્ત થયો હતો.

સમગ્ર કાર્યક્રમને સફળતા, ખંતીલી ગરબા ટીમના આયોજન અને Execution ને પરિણામે મળી. મેડિકલ કટોકટી પરિસ્થિતી માટે **વિવેક દવે** દ્વારા હાજર રાખવામાં આવેલ એમ્બ્યુલન્સ, ઈમરજન્સી ઈક્વીપમેન્ટ સાથે તૈયાર રાખવામાં આવી હતી. ગરબાની સ્પર્ધાત્મક કેટેગરી માટે નિર્ણયો લેનારા જજ તરીકે **દિપાલીબેન જહાનઆરા, હેતલ શાહ, પાર્થિવી અધ્યારૂ** હતાં.

ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની બનેલી આ ગરબા ટીમે આયોજન, ક્રિએટિવ્સથી માંડીને પબ્લિસીટી, ઓનલાઈન તેમજ ઓનસાઈટ વ્યવસ્થા સુધીની તમામ બાબતો સંભાળી, જેમાં હતાં. **રિકીન શાહ, નીરવ શાહ, હર્ષિત શાહ, વૈશવ દલાલ, સાગર ગદાની, પરિતોષ વ્યાસ અને કો-ઓર્ડિનેટર કૌલીન વ્યાસ** - આ સૌ, અલગ અલગ બેચના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ છે અને પોતપોતાના ક્ષેત્રે નિષ્ણાંત છે. તેમણે ટીમમાંથી થતા કામનો દાખલો બેસાડ્યો છે. આ સાથે ટ્રસ્ટીઓ **શ્રી શ્યામભાઈ શાહ તથા શ્રી રૂપલબેન મહેતા**એ આપેલું માર્ગદર્શન નોંધપાત્ર રહ્યું.

કાર્યક્રમમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને બહોળી હાજરીએ ઘણા લોકોના સ્મૃતિપટલ પર એક ઉંડી છાપ છોડી હતી. શારદામંદિર ભવિષ્યમાં પણ તેમના તમામ વિદ્યાર્થીઓની કોમ્યુનિટીમાંથી સક્રિય સહકારની અપેક્ષા રાખે છે - જેમાં ૮,૦૦૦થી વધુ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સામેલ છે.

શારદામંદિર વિનયમંદિરના તમામ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના લાભાર્થે, આ સમગ્ર ઈવેન્ટની હાઈલાઈટસ, ઈન્સ્ટાગ્રામ, યુ ટ્યુબ, ફેસબુક તેમજ વોટસઅપ ચેનલ પર મુકવામાં આવી હતી.

શારદામંદિર શતાબ્દી મહોત્સવના ભાગ રૂપે આગામી કાર્યક્રમમાં તા.૧લી અને ૨જી ડિસેમ્બરના રોજ શાળા દ્વારા સ્કુલો તથા બાળકો માટે સાહિત્યોત્સવ યોજવામાં આવનાર છે.

**અહેવાલ - રિકીન શાહ, નીરવ શાહ, હર્ષિત શાહ તથા કૌલીન વ્યાસ અને ગરબા ટીમના તમામ સભ્યો.**

**પ્રકાશક : શારદામંદિર ટ્રસ્ટ,**

નવા શારદામંદિર રોડ, અમદાવાદ-૩૮૦૦૦૭. ફોન : ૯૧-૭૯-૨૬૦૦૨૪૨, ઈમેઈલ : shardamandir1924@gmail.com, વેબસાઈટ : www.sharadamandir.com

'શારદ'નો આ અંક શાળાની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે.